# પી.ટી.સી. પ્રવેશ માહિતી પુસ્તિકા

# વર્ષ-2009-10

Back

# પી.ટી.સી. પ્રવેશ ૨૦૦૯-૨૦૧૦

## માહિતી પુસ્તિકા : ભાગ-૧


| ક્રમ | ઠવષય |
|---|---|
| ૧ | ઓન લાઈન પ્રવેશ અરજી પત્રક ભરવા સંબંધે સૂચનાઓ |
| ૨ | ઓન લાઈન પ્રવેશ અરજીપત્રક ભરતા પહેલા આ સૂચનાઓ અવશ્ય વાંચો અને તેનો અમલ કરો. |
| ૩ | પી.ટી.સી. પ્રવેશ નિયમોના નિયમ-૧૦ અંતર્ગત સૂચનાઓ અને પ્રક્રિયા (પરિશિષ્ટ-ક અને પરિશિષ્ટ-ખ) |
| ૪ | પી.ટી.સી. ફોર્મ નં. ૧ : પ્રવેશ વિકલ્પ ફોર્મ (PDF File) |
| ૫ | પી.ટી.સી. ફોર્મ નં. ૨ : પી.ટી.સી. પ્રવેશ રદ કરવાનું અરજી ફોર્મ (PDF File) |


## માહિતી પુસ્તિકા : ભાગ-૨


| ક્રમ | વિષય |
|---|---|
| ૬ | પી.ટી.સી. અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેના નિયમો |
| ૭ | પી.ટી.સી. કોલેજોની યાદી |
| ૮ | ઈન્ટરવ્યૂ સમયે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ધ્યાનમાં રાખવાની વિગતો અને સાથે લાવવાના આધારો/દસ્તાવેજો |
| ૯ | ઓનલાઈન પ્રવેશ અંગે વિશેષ સૂચનાઓ |


**પી.ટી.સી. પ્રવેશ અંગેની માહિતી માટે નીચેની વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી.**

**www.ptcgujarat.org**


**કેન્દ્રિય પ્રવેશ સમિતિ (પી.ટી.સી.)**
**જૂના શિક્ષણ તાલીમ ભવનના મકાનમાં, ઈન્કવાયરી કચેરીની બાજુમાં,**
**સેક્ટર-૧૯, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**
**ફોન નં : ૦૭૯-૨૩૨-૪૦૧૭૩**
**Email: info@ptcgujarat.org**

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી**
**બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

## ૧. પ્રવેશ અરજીપત્રક કોલમ મુજબ ભરવા સંબંધે સૂચનાઓ
## (જુઓ આ પુસ્તિકા સૂચના(ગ)૪)

## ઓનલાઇન પી.ટી.સી. પ્રવેશ ફોર્મ ભરવા અંગેની માહિતી / સૂચનાઓ

**ખાસ નોંધ :**

(અ) ફોર્મ્સ કોલમ અનુક્રમ નંબર મુજબ જ ભરવા.

(બ) તાપી જિલ્લા વાળાએ સુરત જિલ્લો પસંદ કરવો .

(ક) એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયા હોય તો તેવા કેસમાં અરજદારે છેલ્લે પાસ કરેલ પરીક્ષાનો સીટ નંબર અને વર્ષ લખવું.

(ડ) ૨૦૦૧ પહેલા ધો. ૧૨ પાસ કરેલ હોય તેવા દરેક ઉમેદવારે એન્ટ્રી જાતે કરવાની રહેશે.

**1. એચ.એસ.સી. (ધો. 12)ની પરીક્ષા પાસ કર્યાની વિગતોઃ**

1.1 જે બોર્ડમાંથી ધો. ૧૨ પાસ કરેલ હોય તે બોર્ડ પસંદ કરવા બાજુમાં આપેલ રેડીયો બટન પર ક્લીક કરો.

1.2

⇒ ધો. ૧૨ની માર્કશીટ/રસીદમાં આપેલ બેઠક નંબરનો પહેલો આલફા બેટ અક્ષર ડ્રોપ બોક્ષ માંથી પસંદ કરો. બાજુના ખાનામાં તમારો બેઠક નંબર લખો અને **Year** ડ્રોપ બોક્ષ માંથી ધોરણ 12ની પરીક્ષા પાસ કરેલ વર્ષ પસંદ કરો.

e.g. B/00253 B 253

⇒ ત્યારબાદ **Get Students HSC Info** પર કલીક કરો

1.3 બેઠક નંબર પરથી પ્રવાહ જાતે જ નક્કી થશે. જેથી તેની એન્ટ્રી કરવાની રહેતી નથી.

1.4 થી 1.6

- બેઠક નંબર પરથી ગુણ તેમજ ટકા આપોઆપ આવી જશે.

બતાવેલ ગુણ માર્કશીટ મુજબ ના હોય તો બાજુમાં આપેલ "Marks as per marksheet **Yes /No** ?" માં "**No**" બટન પર ક્લીક કરી તમારી માર્કશીટ મુજબ કુલ ગુણ અને મેળવલ ગુણ લખો. ટકા આપોઆપ ગણાઈ જશે.

- **Get Students HSC Info** ક્લીક કરતાં આપના બેઠક નંબર ઉપરથી પ્રવાહ, મેળવેલ ગુણ, કુલ ગુણ, ટકા અને આપનું નામ ફોર્મમાં દેખાશે, જે બરાબર તપાસી લો.

- ભુલ જણાય તો આપે આપેલ બેઠક નંબર ચકાસો. બેઠક નંબરમાં ભુલ જણાય તો તે સુધારી ફરીથી **Get Students HSC Info** પર ક્લીક કરો.
- બરાબર જણાય તો 1.7 માધ્યમ પર જાઓ અને તમારા ધોરણ 12 ના માધ્યમ પર કલીંક કરો

1.7 આપેલ વિવિધ માધ્યમોમાંથી આપનું માધ્યમ પસંદ કરવા માટે માધ્યમની બાજુમાં આપેલ રેડીયો બટન પર ક્લીક કરો.

## 2. અરજદારની કેટેગરી

**2-એ** આપેલ કેટેગરીમાંથી આપની કેટેગરી માટે જે તે રેડીયો બટન પર ક્લીક કરો.

**2-બી** આપેલ સબકેટેગરીમાંથી આપની સબકેટેગરી માટે જે તે રેડીયો બટન પર ક્લીક કરો.

**2-સી** ડાંગી કેટેગરીના ઉમેદવારે પ્રથમ અગ્રતા, બીજી અગ્રતા, ત્રીજી અગ્રતા, ચોથી અગ્રતામાંથી કોઈ એક બટન પર ક્લીક કરવું.

## 3. અરજદારની વિગત

- બેઠક નંબર ઉપરથી આપનું નામ બતાવેલ છે જે ચેક કરવું.
- આપનું નામ માર્કશીટ મુજબ ન હોય તો ' Name as per Markshit yes/no માં no બટન પર કલીક કરી તમારી માર્કશીટ મુજબ નામ લખો
- ગુજરાત બોર્ડના ૨૦૦૧ પહેલા ધો. ૧૨ પાસ કરેલ હોય તેવા ઉમેદવારે આખું નામ (અટક, નામ, પિતા/પતિનું નામ) જાતે ભરવાનું રહેશે.
- CBSE / CISCE બોર્ડના ઉમેદવારે અટક, નામ, પિતા/પતિનું નામ જાતે ભરવાનું રહેશે.
- જો ફોન નંબર અને ઈમેલ હોય તો ઉમેદવારે વિગતો ભરવાની રહેશે..

## 4. પત્રવ્યવહારનું સરનામું

- પત્રવ્યવહારનું સરનામું આપેલ ખાનામાં લખો. અને આપનો જિલ્લો અને તાલુકો આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી સીલેક્ટ કરો.

## 5. જન્મતારીખ

- આપની જન્મ તારીખ, મહિનો અને વર્ષ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી સીલેક્ટ કરો.

## 6. જાતિ

- જાતિ પસંદ કરવા માટે યોગ્ય રેડીયો બટન પર ક્લીક કરો.

## 7. પ્રવેશનું માધ્યમ

- પ્રવેશનું માધ્યમ નિયમ મુજબ ધોરણ-12ની પરીક્ષા જે માધ્યમમાં પાસ કરેલ છે તે ગણાય છે, જે આપોઆપ નક્કી થશે, જેથી તેની એન્ટ્રી કરવાની રહેતી નથી.

## ૮. એસ.એસ.સી. (ધોરણ ૧૦) પરીક્ષા પાસ કર્યાની વિગતોઃ

8.1 જે બોર્ડમાંથી ધો. 10 પાસ કરેલ હોય તે બોર્ડ પસંદ કરવા બાજુમાં આપેલ રેડીયો બટન પર ક્લીક કરો.

8.2 ધો. ૧૦ની માર્કશીટ/રસીદમાં આપેલ બેઠક નંબર લખી, પાસ કરેલ વર્ષ પસંદ કરો.

e.g. B/00253 B 253

8.3 આપેલ વિવિધ માધ્યમોમાંથી આપનું ધો. ૧૦ની પરીક્ષા પાસ કરેલ માધ્યમ પસંદ કરવા માટે માધ્યમની બાજુમાં આપેલ રેડીયો બટન પર ક્લીક કરો.

8.4 થી 8.6

- ધો. 10 ની માર્કશીટ મુજબ કુલ ગુણ, મેળવેલ ગુણ લખો. ટકાવારી આપોઆપ આવી જશે.

9. અંગ્રેજી માધ્યમ સિવાયના ઉમેદવારે ખાસ ધ્યાનમાં લેવું. જો અંગ્રેજી માધ્યમની સંસ્થામા પ્રવેશ મેળવવા ઈચ્છતા હાય તો જ **"હા "** વિકલ્પ પસંદ કરો અને રેડીયો બટન પર ક્લીક કરો.

અરજદારે ઊપર મુજબ અરજીપત્રકની કોલમ 1 થી 9 ની વિગતો ઓનલાઈન ભરી Submit બટન પર કલીક કરવું અરજીપત્રક Submit કરવાથી તમારા અરજીપત્રકનો **Form No** જનરેટ થશે અને અરજીપત્રકના મથાળે **Record Saved Successfully** નો મેસેજ જોવા મળશે

**Print Preview** બટન પર કલીક કરીને અરજીપત્રકની બધીજ વિગતો ચકાસો તેમા કોઈ સુધારો કરવોનો થતો હોય તો **Edit** બટનનો ઉપયોગ કરી વિગત સુધારો અને **Print** કમાન્ડ આપી તમે ભરેલી વિગતો વાળા અરજીપત્રકની નકલ મેળવો

ઓનલાઈન **Submit** કરેલ અરજીપત્રકની પ્રિન્ટ નકલ મેળવી તેમા અરજદારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો અને અરજદારની સહી કરવી. આ અરજીપત્રક રાજયના નકકી કરેલ સ્વીકાર કેન્દ પર જમા કરાવો અને ઓરીજનલ ગુણપત્રકો – પ્રમાણપત્રોની ચકાસણી કરાવો તેમજ રૂ.25 (પચીસ) ફી ભરી અરજીપત્રક ભર્યા બદલની પહોંચ સ્વીકાર કેન્દ ખાતેથી અવશ્ય મેળવો જે પહોંચ પ્રવેશ સમયે અવશ્ય રજુ કરવાની રહેશે.

નોંધઃ- **છેકછાક કરેલ કે બોલ પેનથી સુધારેલ વિગતોવાળા અરજીપત્રક સ્વીકાર કેન્દ ખાતે સ્વીકારવામાં આવશે નહી**

# ૨.   પ્રવેશ ફોર્મ સાથે રજૂ કરવાનાં જરૂરી આધારો

## પ્રવેશ અરજીપત્રક ભરતા પહેલા આ સૂચનાઓ અવશ્ય વાંચો અને તેનો અમલ કરો.

૧. **ઓન લાઈન ભરેલ પ્રવેશ અરજીપત્રક રૂબરૂમાં સ્વીકાર કેન્દ્ર ખાતે રજૂ કરવા અંગે :**
ઓન લાઈન ભરેલ પ્રવેશ અરજીપત્રક ની પ્રિન્ટ નકલમાં અરજદારે પાસપોર્ટ સાઈઝનો તાંઝેતરનો ફોટો નિયત જગ્યાએ ચોટાડો.અને નિયત જગ્યાએ સહીં કરી વેબ સાઈટ પર મૂકેલ સ્વીકાર કેન્દ્રોની યાદી મુજબના કેન્દ્ર પર જાહેરાતમાં દર્શાવેલ નિયત તારીખ અને સમય સુધીમાં રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે.

૨. **પ્રવેશ અરજીપત્રક સાથે રજૂ કરવાના પ્રમાણપત્રો :**
પ્રવેશ અરજીપત્રક રૂબરૂમાં રજૂ કરતી વેળા તેમાં ભરેલી વિગતો સંબંધિત નીચે મુજબના લાગુ પડતા અસલ પ્રમાણપત્રો બતાવવાના રહેશે. આ પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પ્રવેશ અરજીપત્રક રૂ.25/- (રૂપિયા પચીસ) ફી સ્વીકારી અરજી પત્રક ફાઈનલ સબમીટ કરવામાં આવશે. અને પહોંચ આપવામાં આવશે.

૨.૧ એસ.એસ.સી. (ધોરણ-૧૦) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ.

૨. ૨ એચ.એસ.સી. (ધોરણ-૧૨) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ. એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે.

નોંધ : અરજી પત્ર સાથે એચ.એસ.સી. માર્કશીટની તમામ પ્રયત્નની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અલગથી આપવી અને માર્કશીટ ઉપર અરજીપત્રકનો છાપેલો નંબર લખવો.

૨.૩ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. (School Leaving Certificate)

૨. ૪ ધોરણ-૧૨ પાસ કર્યા અંગેનું શાળાના આચાર્યે આપેલ ટ્રાયલ સર્ટીફીકેટ.

૨. ૫ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પરીક્ષા પાસ કર્યાનો સમયગાળો બે વર્ષ કરતા વધુ હોય તો તે દરમ્યાન અન્ય અભ્યાસ કરેલ હોય તો તે અંગેના પ્રમાણપત્રો.

૨.૬ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) તથા વાલ્મિકી જાતિના અરજદારોએ સંબંધિત ખાતાએ નિયત કરેલ નમૂનામાં ખાતા દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નીચે જણાવેલ પૈકીના કોઈપણ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર :-
(૧) સમાજ કલ્યાણ અધિકારીશ્રી
(૨) કલેક્ટરશ્રી / નાયબ કલેક્ટરશ્રી
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
(૪) મામલતદારશ્રી
(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી
(૬) પ્રાંત અધિકારીશ્રી

(7) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ)ના ઉમેદવારે તા.31-03-2009ના રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષનું ક્રિમીલેયર સર્ટીફિકેટ રજૂ

કરવાનું રહેશે.

૨.૭ ડાંગી ઉમેદવારોએ તેઓ ડાંગ જીલ્લાના રહેવાસી છે તે મતલબનું જીલ્લા કલેક્ટર કે તેમણે અધિકૃત કરેલ અધિકારીનું પ્રમાણપત્ર તથા ધોરણ-1 થી 12 જે શાળામાં અભ્યાસ કરેલ હોય તે મતલબનું સંબંધિત શાળાના આચાર્યશ્રીના દાખલા (નિયમ-૫.૭ )

૨.૮ વિકલાંગ અરજદારો જે પ્રકારની વિકલાંગતા ધરાવતા હોય તે (૧) વિકલાંગતા અંગેનું નિયત નમુનામાં સીવીલ સર્જન / સુપ્રિન્ટેન્ડેન્ટની પ્રતિહસ્તાક્ષરવાળું પ્રમાણપત્ર (૨) પોસ્ટકાર્ડ સાઈઝનો આખો ફોટો (૩) સમાજ સુરક્ષા ખાતા તરફથી આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખપત્ર.

૨.૯ વિધવા કેટેગરીમાં પ્રવેશ મેળવવા માગતા ઉમેદવારોએ પ્રવેશ અરજીપત્રક સાથે નીચે મુજબના અસલ આધારો એક ઝેરોક્ષ નકલ સાથે રજુ કરવાના રહેશે :-

(૧) વિધવા હોવા અંગેનું મામલતદારનું પ્રમાણપત્ર
(૨) પતિના મરણનો અધિકૃત દાખલો.
(૩) પ્રવેશની તારીખ સુધીમાં પુનઃલગ્ન કરેલ નથી તે મતલબનું રજીસ્ટર્ડ સોગંદનામું.
(૪) વિધવા ઉમેદવારના શ્વસુર ગૃહે રેશનકાર્ડમાં નામ ઉમેરવામાં આવ્યું હોય તેનો આધાર.
(૫) પતિનું નામ અવસાન બાદ રેશનકાર્ડમાંથી રદ કરાવવામાં આવ્યું હોય તેનો આધાર ઉપર (૪) તથા (૫) ના વિકલ્પે વિધવા ઉમેદવારના તેમના શ્વસુર પક્ષે મતદાર યાદીમાં ઉમેરવામાં આવેલ હોય તેનો આધાર તથા પતિના અવસાન બાદ મતદાર યાદીમાંથી નામ કમી થયેલ હોય તો તેનો આધાર.
(૬) વિધવા બહેનોની ઉંમર તા. ૧-૭-૨૦૦૯ ના રોજ ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

૨.૧૦ સૈનિક / માજી સૈનિકના સંતાન અરજદારોએ જિલ્લા સૈનિક બોર્ડનું પ્રમાણપત્ર.

૨.૧૧ ઉર્દુ માધ્યમના ઉમેદવારે રજૂ કરવાના પ્રમાણપત્રો.

- ધોરણ 1 થી 7 ઉર્દુ માધ્યમમાં અભ્યાસ કરેલ છે. તે અંગેનું સંબંધિત શાળાના આચાર્યશ્રીનું પ્રમાણ પત્ર
- જે ઉમેદવારે ધોરણ-1 થી 12 ઉર્દુ માધ્યમમાં અભ્યાસ કરેલ નથી તેવા ઉમેદવારે ધોરણ-10 અને ધોરણ-12માં ઉર્દુ વિષય ની પરીક્ષા 50 ટકા સાથે પાસ કર્યાના આધારો.

૨.૧૨ હિન્દી માધ્યમના ઉમેદવારે રજૂ કરવાના પ્રમાણપત્રો.

- ધોરણ 10 અને ધોરણ-12 હિન્દી માધ્યમમાં અભ્યાસ કરેલ છે. તે અંગેનું સંબંધિત શાળાના આચાર્યશ્રીનું પ્રમાણ પત્ર

૨.૧૩ મરાઠી માધ્યમના ઉદેમદવારે રજૂ કરવાના પ્રમાણપત્રો

- ધોરણ 1 થી 7 મરાઠી માધ્યમમાં અભ્યાસ કરેલ છે. તે અંગેનું સંબંધિત શાળાના આચાર્યશ્રીનું પ્રમાણ પત્ર (નિમય 4.6.3)
- ધોરણ-1 થી 10 જે મરાઠી માધ્યમની શાળામાં અભ્યાસ કરેલ હોય તે મતલબનું સંબંધિત શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર (નિમય 4.6.3)

૨.૧૪ સિંધી માધ્યમના ઉદેમદવારે રજૂ કરવાના પ્રમાણપત્રો

- ધોરણ 10 અને ધોરણ-12 માં અભ્યાસનું માધ્યમ સિંધી હોય તેવા ઉમેદવારે ગુણપત્રક અને સંબંધિત શાળાના આચાર્યશ્રીનું પ્રમાણ

૨.૧૫ C.B.S.E./ CISCE ના ઉમેદવારે રજૂ કરવાના પ્રમાણપત્રો.

- ધોરણ 10 અને ધોરણ-12 ની પરીક્ષા અંગ્રેજી માધ્યમમાં પાસ કરી છે. તે અંગે સંબંધિત શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

**નોંધ :** અસલ આધારો પ્રવેશ અરજીપત્રક રજૂ કરતી વેળા તેમજ પ્રવેશ મેળવતા સમયે તેની ચકાસણી કર્યા બાદ પરત કરવામાં આવશે.

ઉમેદવારે ગુણ પત્રકો / પ્રમાણપત્રોની બે ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.

૩ **અરજીપત્રકની પહોંચ :**
પ્રવેશ અરજીપત્રક સ્વીકાર્યાની પહોંચ રૂબરૂમાં મેળવી લેવાની રહેશે અને પ્રવેશની દરેક કાર્યવાહી સમયે સાથે રાખવાની રહેશે.

૪ **ક્રિમીલેયર સર્ટીફીકેટ :**
સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) ના અરજદારોએ તેઓ ઉન્નત વર્ગમાં આવતા નથી તે અંગેનું તા. ૩૧/૩/૨૦૦૯ ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષની આવકના આધારે સક્ષમ અધિકારી તરફથી મેળવેલ ક્રિમીલેયર સર્ટિફીકેટ પ્રવેશ અરજીપત્રક રજૂ કરતી વેળા અથવા પ્રવેશ સમયે રજુ કરવાનું રહેશે. તા. ૧/૪/૨૦૦૯ પહેલાં મેળવેલ આવું સર્ટીફીકેટ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૫ **અન્ય રાજયના પછાત વર્ગના અરજદારો :**
જુઓ પરિશિષ્ટ-ક (બાબત નં. ૭)

૬ **વિકલાંગ અરજદારો :**
વિકલાંગ અરજદારોની અનામત બેઠકો ઉપર અધ્યાપન મંદિરના કાર્યક્રમમાં તેમજ લાયકાત મેળવ્યા પછી શૈક્ષણિક કાર્યમાં તેમજ શાળાની અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે બાધ કરતા ન હોય તેવી મુક-બધિર, અંધત્વ અથવા અલ્પ દૃષ્ટિ તથા અસ્થિવિષયક વિકલાંગતાવાળા અરજદારો પ્રવેશના નિયમો મુજબની વિકલાંગતા ધરાવતા હશે તો જ પ્રવેશ માટે વિચારણામાં લેવાશે. આ બાબતે વિકલાંગતા ચકાસણી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૭ **વિચરતી અને વિમુક્ત જાતિઓના અરજદારો :**
ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓના નિયમો, ૧૯૮૪ માં થયેલ જોગવાઈ મુજબ પી.ટી.સી. પ્રવેશમાં વિચરતી અને વિમુક્ત જાતિઓની બાબતમાં અનામત અંગેની કોઈ અલગ ટકાવારી નક્કી કરવામાં આવેલ નથી. તેથી આવી જાતિ પૈકી જે અરજદારો અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ કે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિમાં આવતા હોય તેવા અરજદારોને જે તે અનામત બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવશે. દા.ત. બાવા, બૈરાગી બાવા, નાયક, ગોસ્વામી, વણઝારા વગેરે ક્ષતિ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ) જાતિમાં આવતી હોવાથી તે જાતિની કેટેગરીમાં ફોર્મ ભરવાનું રહેશે.

૮ **મોચી જાતિના અરજદારો :**
સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સીએઆર-૧૦૯૦-સીઓ-૧૬-હ, તા. ૧૮-૨-૨૦૦૩ થી મોચી જ્ઞાતિનો સમાવેશ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિમાં કરવામાં આવેલ હોવાથી મોચી જાતિના અરજદારોએ અનુસૂચિત જાતિમાં અરજી નહી કરતાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ (બક્ષીપંચ)માં ફોર્મ ભરવાનું રહેશે અને જાતિ અંગેનું સમાજ કલ્યાણ અધિકારીનું પ્રમાણપત્ર તથા આગળ ઉલ્લેખ કર્યા મુજબ સક્ષમ અધિકારીનું ક્રીમીલેયર પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૯ **મહિલા ઉમેદવારો :**
સગર્ભા મહિલા ઉમેદવારોને પ્રવેશ મળી શકશે નહી તેમ છતાં પ્રવેશ મેળવ્યા બાદ મહીલા સગર્ભા હોવાનું માલુમ પડશે તો તેમનો પ્રવેશ આપોઆપ રદ થયેલો ગણાશે આ બાબતે રજુઆત કરવાની કે અન્ય કોઈ તક આપવામાં આવશે નહીં.

૧૦ **પ્રવેશનું માધ્યમ :**
જુઓ પી.ટી.સી. પ્રવેશ નિયમોના નિયમ નં. ૪.૬.૧ થી ૪.૬.૬ અને નિયમ ૧૫.

૧૧ **સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન, નવી દિલ્હી દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારોઃ**
ઉમેદવાર જે માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તે જ માધ્યમમાં તેણે ગુજરાત રાજયમાં આવેલી માન્ય કેન્દ્રીય શાળાઓ / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / જવાહર નવોદય વિદ્યાલયો કે જેની પરીક્ષા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન, નવી દિલ્હી દ્વારા લેવામાં આવતી એસ.એસ.સી. તેમજ એચ.એસ.સી. પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

૧૨ **કાઉન્સીલ ઓફ ધી ઈન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એક્ઝામીનેશન, નવી દિલ્હી દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારો :**
ઉમેદવાર જે માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તે જ માધ્યમમાં તેણે ગુજરાત રાજયમાં આવેલી શાળાઓમાંથી વિદ્યાર્થીઓએ કાઉન્સીલ ઓફ ધી ઈન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એક્ઝામીનેશન, નવી દિલ્હી દ્વારા લેવામાં આવતી એસ.એસ.સી. તેમજ એચ.એસ.સી. પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

## ૩. પી.ટી.સી. પ્રવેશ નિયમોના નિયમ-૧૦ અંતર્ગત સૂચનાઓ અને પ્રક્રિયા
## પરિશિષ્ટ-ક

૧. રાજયમાં આવેલી પી.ટી.સી. કોલેજો / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં બે વર્ષના પ્રાથમિક શિક્ષણ તાલીમ અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે નિયત કરેલ ઓનલાઈન અરજી પત્રકમાં માંગેલ વિગતો સંપૂર્ણ અને યોગ્ય રીતે ભરીને પ્રવેશ અંગેની જાહેરાતમાં દર્શાવેલ સ્થળોએ રૂબરૂમાં જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે ચકાસણી કરાવી જરૂરી પુર્તતા સાથે રજૂ કરવાનું રહેશે.

૨. નિયત કરેલ અરજીપત્રક સ્વીકારવા માટે નક્કી કરવામાં આવેલ છેલ્લી તારીખ અને સમયમર્યાદા સુધીમાં રજૂ કરવામાં નહીં આવે તો તેવા અજીપત્રકો પ્રવેશ માટે વિચારણામાં લેવામાં આવશે નહીં અને તે રદબાતલ ગણાશે.

૩. પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ એક જ અરજી કરવાની રહેશે. એકથી વધુ પ્રવેશ ફોર્મ ભરેલ હશે તો તેવા ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ટપાલ / કુરીયર દ્વારા અરજી પત્રકો સ્વિકારવામાં આવશે નહીં. જો ટપાલ / કુરીયર મારફત અરજી પત્રકો મોકલેલ હશે તો તે રદબાતલ ગણાશે.

૪. ઉમેદવાર એક જ કેટેગરીમાં પ્રવેશ માટે અરજી કરી શકશે અને તેને લગતા જાતિ અંગેના પ્રમાણપત્રો અરજીપત્રક સાથે રજૂ કર્યા બાદ કોઈ પણ સંજોગોમાં ફેરફાર કરી શકાશે નહિ.

૪. (ક) અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્ર રજુ નહીં કરનાર ઉમેદવારનું અરજીપત્રક માત્ર બિનઅનામત તરીકે નોંધવામાં આવશે.

૫. ઉમેદવારે અસલ પ્રમાણપત્રો / ગુણપત્રક વિગેરે અરજીપત્રક આપવામાં આવે ત્યારે ચકાસણી માટે રજૂ કરવાના રહેશે. ઉમેદવારને જયારે મેરીટ મુજબ પ્રવેશ માટે રૂબરૂ મુલાકાત વખતે બોલાવવામાં આવે ત્યારે પણ અસલ પ્રમાણપત્રો / ગુણપત્રકો રજુ કરવાના રહેશે :-

(૧) એસ.એસ.સી. (ધોરણ-૧૦) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ.

(૨) એચ.એસ.સી. (ધોરણ-૧૨) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ. એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે.

**નોંધ : અરજી પત્ર સાથે એચ.એસ.સી. માર્કશીટની તમામ પ્રયત્નની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અલગથી આપવી અને માર્કશીટ ઉપર અરજીપત્રકનો છાપેલો નંબર લખવો.**

(૩) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. (School Leaving Certificate)

(૪) ધોરણ-૧૨ પાસ કર્યા અંગેનું શાળાના આચાર્યે આપેલ ટ્રાયલ સર્ટીફીકેટ.

(૫) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પરીક્ષા પાસ કર્યાનો સમયગાળો બે વર્ષ કરતા વધુ હોય તો તે દરમ્યાન અન્ય અભ્યાસ કરેલ હોય તો તે અંગેના પ્રમાણપત્રો.

(૬) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) તથા વાલ્મિકી જાતિના અરજદારોએ સંબંધિત ખાતાએ નિયત કરેલ નમૂનામાં ખાતા દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નીચે જણાવેલ પૈકીના કોઈપણ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્રઃ-

(૧) સમાજ કલ્યાણ અધિકારીશ્રી

(૨) કલેક્ટરશ્રી / નાયબ કલેક્ટરશ્રી

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી

(૪) મામલતદારશ્રી

(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી

(૬) પ્રાંત અધિકારીશ્રી

૬. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં થતો નથી તે મતલબનું સક્ષમ અધિકારીનું અસલ પ્રમાણપત્ર પ્રવેશ માટેની રૂબરૂ મુલાકાત સમયે રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે વર્ષમાં પી.ટી.સી. પ્રવેશ મેળવવાનો હોય તેના આગળના ૩૧/૩ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષની આવકના આધારે મેળવેલ હોવું જોઈએ. તદુપરાંત આ ઉમેદવારોએ તેમની જાતિના પુરાવા રૂપે નીચે દર્શાવેલ આધારો પ્રવેશ સમયે રૂબરૂ મુલાકાત વખતે અસલમાં રજૂ કરવાના રહેશે :-

(૧) ઉમેદવાર / વિદ્યાર્થીના ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ના શાળા છોડ્યાના પ્રમાણપત્ર અસલ તથા તેની નકલ.
(૨) ઉમેદવારના પિતાશ્રીના શાળા છોડ્યાના પ્રમાણપત્રની અસલ તથા તેની નકલ અવશ્ય લાવવાની રહેશે.
(૩) ઉમેદવારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકેની જાતિ / પેટા-જાતિ પુરવાર થતી હોય તેવા આધારો જેમાં મોટાભાઈ / બહેન / કાકા / ફોઈ / દાદાનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા જમીન, મકાન કે અન્ય સરકારી વ્યવહાર માટે કરેલ સરકારી / મહેસૂલી રેકર્ડમાં જાતિ / પેટા-જાતિ બતાવવામાં આવી હોય તેવા અસલ આધારો વગેરે.
(૪) મૂળ ગુજરાત રાજયના વતની ન હોય તેવા અથવા અન્ય રાજયોમાંથી સ્થળાંતર કરેલા ઉમેદવારના કિસ્સામાં સને ૧૯૭૮ પહેલાં ગુજરાત રાજયમાં કાયમી વસવાટ (ઞ્રૄણૂઙ્મશ્રૃ) કરતા હોય તેવા સરકારી / મહેસૂલી રેકર્ડ આધારીત આધાર - પુરાવાઓ.
(૫) ''દેશી ખ્રિસ્તી'' જાતિના કિસ્સામાં મૂળ અનુસૂચિત જાતિના હોવા અંગેના આધાર - પુરાવાઓ.
(૬) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પુરવાર થાય તેવા અગત્યના અન્ય જે કોઈ સરકારી રેકર્ડ આધારીત આધારો હોય તે.

૬ (ક) રદ કર્યો.
(ખ) પી.ટી.સી. પ્રવેશના નિયમોમાં વિચરતી અને વિમુક્ત જાતિઓની બાબતમાં અનામત અંગેની કોઈ અલગ ટકાવારી નક્કી કરવામાં આવેલ નથી. તેથી આવી જાતિ પૈકી જે અરજદારો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગમાં આવતા હોય તેવા ઉમેદવારોને જે તે અનામત બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવશે તેથી આવા ઉમેદવારોએ તે મુજબ અરજીપત્રકમાં વિગત દર્શાવવાની રહેશે.
(ગ) વિધવા કેટેગરીમાં પ્રવેશ મેળવવા માગતા ઉમેદવારોએ પ્રવેશ સમયે નીચે મુજબના આધારો રજુ કરવાના રહેશે :-
(૧) વિધવા હોવા અંગેનું મામલતદારનું પ્રમાણપત્ર
(૨) પતિના મરણનો અધિકૃત દાખલો.
(૩) પ્રવેશની તારીખ સુધીમાં પુનઃલગ્ન કરેલ નથી તે મતલબનું રજીસ્ટર્ડ સોગંદનામું.
(૪) વિધવા ઉમેદવારના શ્વસુર ગૃહે રેશનકાર્ડમાં નામ ઉમેરવામાં આવ્યું હોય તેનો આધાર.
(૫) પતિનું નામ અવસાન બાદ રેશનકાર્ડમાંથી રદ કરાવવામાં આવ્યું હોય તેનો આધાર ઉપર (૪) તથા (૫) ના વિકલ્પે વિધવા ઉમેદવારના તેમના શ્વસુર પક્ષે મતદાર યાદીમાં ઉમેરવામાં આવેલ હોય તેનો આધાર તથા પતિના અવસાન બાદ મતદાર યાદીમાંથી નામ કમી થયેલ હોય તો તેનો આધાર.
(૬) વિધવા બહેનોને મહત્તમ ૩૩ વર્ષની ઉંમર સુધી પ્રવેશ આપવામાં આવશે. તા.૧-૭-૨૦૦૮ ના રોજ ૧૮ વર્ષથી ઓછી ઉંમર ધરાવતી વિધવા બહેનોના કિસ્સા ગ્રાહ્ય રખાશે નહીં.
(ઘ) કોઈપણ અનામત બેઠકના ઉમેદવારને જાતિના અસલ તથા સાચા પુરાવાઓના અભાવે શરતી પ્રવેશ આપવામાં આવશે નહીં.

૭. અન્ય રાજયના પછાત વર્ગના ઉમેદવારોએ ગુજરાત રાજ્યના મામલતદારશ્રી/કલેક્ટરશ્રી/પ્રાંત અધિકારીશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી/નાયબ કલેક્ટરશ્રી/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો દાખલો રજૂ કરવાનો રહેશે.
૮. વિકલાંગ ઉમેદવારોએ પ્રવેશ સમયે નીચેના અસલ આધારાઓ રજુ કરવાના રહેશે :-
(૧) વિકલાંગતા અંગેનું નિયત નમુનામાં સીવીલ સર્જન / સુપ્રિન્ટેન્ડેન્ટની પ્રતિહસ્તાક્ષરવાળું પ્રમાણપત્ર.
(૨) પોસ્ટકાર્ડ સાઈઝનો આખો ફોટો.
(૩) સમાજ સુરક્ષા ખાતા તરફથી આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખપત્ર.
૯. વિકલાંગ ઉમેદવારોના કિસ્સામાં મેડીકલ બોર્ડનું પ્રમાણપત્ર માગંવામાં આવે ત્યારે બોર્ડના ત્રણેય સભ્યોની સહી સાથેનું અસલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્રમાં બોર્ડના અધ્યક્ષની સહી ફરજીયાત હોવી જરૂરી છે. ''મેમ્બર ઓફ ધ બોર્ડ'' ની સહીવાળુ પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં. વિકલાંગતાની ટકાવારી સંદર્ભે જરૂરી જણાય તો પ્રવેશ સમિતિ સક્ષમ મેડીકલ બોર્ડનું પ્રમાણપત્ર મંગાવી શકશે અને નિયત સમય મર્યાદામાં રજુ કરવાનું રહેશે અન્યથા પ્રવેશ રદ ગણાશે.
૧૦. પુરક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવાર જે તે વર્ષ દરમ્યાન પ્રવેશપાત્ર ગણાશે નહીં. પછીના વર્ષમાં પ્રવેશ માટે અરજી કરી શકશે.
૧૧. ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને નિયત તારીખ, સમય અને સ્થળે પ્રવેશ માટે બોલાવવા અન્ડર પોસ્ટલ સર્ટીફીકેટ (યુ.પી.સી.) થી વ્યક્તિગત પત્ર દ્વારા જાણ કરવામાં આવશે. ઉપરાંત દૈનિક પત્રમાં પ્રવેશ અંગેનો કાર્યક્રમ સંક્ષિપ્તમાં પ્રસિદ્ધ કરાશે અને તે મુજબ ઉમેદવારોએ પ્રવેશ માટે હાજર થવાનું રહેશે. રૂબરૂ મુલાકાત માટેનો પત્ર કોઈ પણ કારણસર મળે નહીં અથવા મોડો મળે તે માટે નિયામકની કચેરી કે પ્રવેશ સમિતિ જવાબદાર રહેશે નહી અને આવા સંજોગોમાં આવા ઉમેદવારો પ્રવેશ માટેનો હક્કદાવો કરી શકશે નહી.
૧૨. પ્રવેશ વખતે ઉમેદવારે પસંદગી પત્રકમાં ભરી આપેલ સ્થળ / સંસ્થા મળવાપાત્ર ઉચ્ચતર ક્રમાનુસાર ઉપલબ્ધ પસંદગીના સ્થળમાં પ્રવેશ ઓફર કરાશે જે અંગે ઉમેદવારે તે જ સમયે પ્રવેશ સ્વીકારવો કે ન સ્વીકારવાનો નિર્ણય કરવાનો રહેશે અને તેમ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જાય તો તેમનો પ્રવેશનો હક્ક રદ ગણાશે. ઉપલબ્ધ બેઠકોના સ્થળ / સંસ્થા વિદ્યાર્થીની પસંદગી મુજબના ન હોય અને પ્રવેશ ન સ્વીકારવાનો ઉમેદવાર નિર્ણય કરે તો પોતાનો પ્રવેશ હક જતો કર્યાની નોંધ ઉમેદવારે પસંદગી પત્રક પર કરી સહી કરવાની રહેશે અને વાલીએ પણ તેના પર સંમતિ સૂચક હસ્તાક્ષર કરવાના રહેશે.
૧૩. નિયત તારીખ અને સમયે હાજર ન રહેનાર ઉમેદવાર પ્રવેશ માટે હક્ક દાવો કરી શકશે નહી પરંતુ નિયત તારીખના રોજ ઉમેદવાર મોડા હાજર થાય ત્યારે જે તે કેટગરીની પ્રવેશ કાર્યવાહી ચાલુ હોય ત્યારે તે દિવસની પ્રવેશ કાર્યવાહીના અંતે ઉપલબ્ધ ખાલી બેઠક પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. આ સંજોગોમાં પસંદગીના સ્થળ અંગેનો હક્કદાવો કરી શકશે નહીં.
૧૪. ઉમેદવાર પોતાની પસંદગી પ્રમાણે પ્રવેશ સ્વીકારી ફી ભર્યા બાદ તેમાં કોઈ પણ સંજોગોમાં ફેરફાર થઈ શકશે નહી અને તે પ્રવેશ અંતિમ ગણાશે.

૧૫. ઉમેદવારે પ્રવેશ સ્વીકાર્યા પછી પ્રવેશ સમિતિ તરફથી તેને પ્રવેશ મળ્યો હોય તે સંસ્થામાં હાજર થવા માટે આપેલી છેલ્લી તારીખ સુધીમાં કોઈ પણ કારણસર હાજર ન થાય તો તેમનો પ્રવેશ રદ ગણાશે અને કોઈ પણ જાતની ફી પરત મળવાપાત્ર થશે નહીં.

૧૬. રૂબરૂ મુલાકાત સમયે પ્રવેશને લગતાં સંબંધિત તમામ અસલ પ્રમાણપત્રો, ગુણપત્રકો, પુરાવા વિગેરે સાથે પ્રવેશ માટે હાજર રહેવું પડશે. જરૂરી પ્રમાણપત્રો રજુ ન કરનાર ઉમેદવાર પ્રવેશ માટે પોતાનો હક્કદાવો કરી શકશે નહીં. ઉમેદવારે લાયકાતના તથા જાતિના તમામ પ્રમાણપત્રો અસલમાં જમા કરાવવાના રહેશે.

૧૭. પ્રવેશ સમયે કોઈ વિવાદ ઉભો થાય ત્યારે તેનો ઉકેલ નિયામકશ્રીને સોંપવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

૧૮. આ સાથેના પરિશિષ્ટ-ક્ર માં દર્શાવેલ વર્તણૂક અને શિસ્ત પાલનના નિયમો તથા ઉમેદવાર જે સંસ્થામાં પ્રવેશ મેળવે તે સંસ્થાના નિયમો પણ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૧૯. ઉમેદવારે અરજીપત્રકમાં તેમજ પ્રવેશ સમયે આપેલ માહિતી ખોટી સાબિત થશે અથવા તેમણે રજૂ કરેલ પ્રમાણપત્રોમાં સુધારો કે બનાવટ કરેલા માલુમ પડશે તો તેમની સામે ફોજદારી રાહે પગલાં ભરવામાં આવશે અને આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે રદ થવાને પાત્ર રહેશે.

૨૦. પ્રવેશ માટે અરજીપત્રક ભરવાથી પ્રવેશ અંગેની કોઈ ખાત્રી આપવામાં આવતી નથી પ્રવેશના નિયમો મુજબ જો પ્રવેશપાત્ર થતા હશે તો જ પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશપાત્ર ન થતાં ઉમેદવારોને તેમના પત્રોના પ્રત્યુતર પાઠવવામાં આવશે નહી.

૨૧. ઉમેદવારે પ્રવેશ અંગેના પત્રવ્યવહારમાં અરજીપત્રક ભર્યાનો સંસ્થાનો કોડ નંબર અને નોંધણી નંબર દર્શાવવાનો રહેશે.

૨૨. (ક) પી.ટી.સી.નો અભ્યાસક્રમ પૂર્ણ સમયનો છે તેથી આ અભ્યાસક્રમ સાથે અન્ય અભ્યાસક્રમ ચાલુ રાખી શકાશે નહીં.

(ખ) સમુહજીવન, ઉદ્યોગ, શૈક્ષણિક પાઠ વિગેરેમાં ભાગ ન લઈ શકે તેવા ઉમેદવારો તેમનો અભ્યાસક્રમ ચાલુ રાખી શકશે નહી. આવા ઉમેદવારોનો પ્રવેશનો હક માન્ય રહેશે નહીં.

૨૩. પ્રવેશ માટેની મેરિટ યાદી બનાવવા અને પ્રવેશને લગતી અન્ય તમામ બાબતો માટે પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત રાજયને યોગ્ય લાગે તે પ્રકારના વહીવટી પગલા લઈ શકશે અને શૈક્ષણિક સંસ્થાના આચાર્યોને વખતો વખત જરૂરી સુચના આપી શકશે.

૨૪. (ક) સરકારી તથા બીનસરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) સંસ્થાઓમાં પુરૂષો માટે રૂ. ૫૦૦ તથા મહિલાઓ માટે રૂ. ૧૦૦ વાર્ષિક કૉલેજ ફી નક્કી થયેલ છે. હોસ્ટેલ ફી વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ કામચલાઉ નક્કી કરવામાં આવેલ છે. નિયમોનુસારની અન્ય ફી જેવી કે રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી વિગેરે અલગથી ભરવાની રહેશે. તમામ પ્રકારની ફી સંસ્થામાં હાજર થયે ભરવાની રહેશે.

(ખ) સ્વનિર્ભર સંસ્થામાં કૉલેજ ફી નિવૃત્ત ન્યાયમૂર્તિ માનનીયશ્રી આર. જે. શાહ ફી કમિટિ દ્વારા વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ ની મર્યાદામાં વસુલ કરવા મંજુરી આપવામાં આવેલ છે. આ ફીમાં પ્રવેશ ફી, સત્ર ફી, શિક્ષણ ફી, વાંચનાલય, કોમ્પ્યુટર, ટી.એલ.એમ. પ્રયોગશાળા તથા ઈતર ફીનો સમાવેશ થાય છે. તે પૈકી પ્રવેશ મેળવતી વખતે રૂ. ૫,૦૦૦ ફી પ્રવેશના સ્થળ ઉપર ભરપાઈ કરવાની રહેશે. સ્થળ પર રૂા. ૫,૦૦૦ ફી નહીં ભરનારનો પ્રવેશ તે જ દિવસે આપોઆપ રદ થશે અન તે જગ્યા ખાલી થયેલ ગણાશે. પ્રવેશ માટેના નિયમોના નિયમ-૧૬ માં જણાવ્યા મુજબ તાલીમાર્થીએ આ સિવાય અન્ય કોઈ ફી ભરવાની રહેશે નહીં તેમજ કૉલેજના આચાર્ય / સંચાલક અન્ય કોઈ પ્રકારની અથવા આ નિયત કરેલ ફી કરતાં વધુ ફી વસૂલ કરી શકશે નહિ.

(ગ) પ્રવેશના સ્થળ ઉપર ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ રૂ. ૫,૦૦૦ ફીનો સમાવેશ રૂ. ૨૦,૦૦૦ માં થઈ જાય છે.

(ઘ) સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ નંબર : ટીસીએમ/૧૪૦૧/૧૨૧૩/ન, તા. ૧૭-૫-૨૦૦૬ થી નક્કી કર્યા મુજબની સમિતિ બનાવીને હોસ્ટેલ ફી નક્કી કરવામાં આવશે અને આ નક્કી થયેલ ફી સંચાલક અને તાલીમાર્થીઓને બંધનકર્તા રહેશે.

(ચ) હોસ્ટેલની સુવિધાઓ બાબતે તાલીમાર્થી વ્યક્તિગત કે સામુહિક રીતે સમિતિને રજુઆત કરી શકશે. નિયમોનુસારની અન્ય ફી જેવી કે રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી અલગથી ભરવાની રહેશે.

(છ) કૉલેજ ફીની બાકીની રકમ તથા હોસ્ટેલ ફી વગેરે સંસ્થાઓમાં હાજર થયે ભરવાની રહેશે.

૨૫. રદ કરવામાં આવી.

૨૬. ફી અંગે પ્રાથમિક શિક્ષણ નિયામકના પરિપત્રિત પત્ર ક્રમાંક : ૪૧-શતપ-જ-સેફ઼ફી-૦૭-૧૫૧૭-૧૫૪૬, તા. ૨૩-૧-૨૦૦૭ દ્વારા ફી અંગે નીચે પ્રમાણે સૂચનાઓ આપવામાં આવી છે :-

(૧) માન. નિવૃત્ત જસ્ટીસ શાહ સમિતિ દ્વારા નિયત કરેલ સત્ર ફી ની રકમ વિદ્યાર્થીઓ પાસેથી સત્રદીઠ વસુલ કરવી જોઈએ. એકી સાથે સમગ્ર વર્ષ (બે સત્રની સાથે) વસુલ કરી શકાય નહીં.

(૨) સરકારશ્રીના તા. ૧૭-૫-૨૦૦૬ ના ઠરાવ અન્વયે રચાયેલ હોસ્ટેલ ફી નિર્ધારણ સમિતિએ નિયત કરેલ હોસ્ટેલ સુવિધા અને અંદાજિત ભોજન ખર્ચ સુવિધા પેટે સત્રદીઠ નિયત કરેલ હોસ્ટેલ ફી પણ બે સત્રની સાથે વસુલ કરી શકાશે નહીં.

(૩) (૧) અને (૨) સિવાય રાજય પરીક્ષા બોર્ડ કે જી.સી.ઈ.આર.ટી. દ્વારા કોઈ વધારાની ફી નિયત કરી હોય, તો તેટલી જ ફી વસુલાત કરી શકાશે.

(૪) (૧), (૨), (૩) સિવાયની અન્ય કોઈપણ ફી વધારાની ફી તરીકે વસુલ કરી શકાશે નહીં.

(૫) સત્રદીઠ નિયત કરવામાં આવેલ શિક્ષણ ફી અને હોસ્ટેલ ફી ની રકમ સત્રદીઠ નક્કી થઈ હોઈ, તે છ માસના સમગ્ર ગાળાની ગણાય. ઉદાહરણ તરીકે લઈએ તો જો સત્ર દીઠ રૂ. ૧૦,૦૦૦ નિયત થઈ હોય તો માસિક ફી ૧૦,૦૦૦ ÷ ૬ = ૧૬૬૬ એટલે અંદાજિત રૂ. ૧૬૭૦ થાય. વિદ્યાર્થી ઑગષ્ટ માસમાં પોતાનો પ્રવેશ રદ કરાવે તો ૧૬૭૦ x ૩ = ૪૯૧૦ વિદ્યાર્થીએ સંસ્થાને ખર્ચ પેટે આપવાના રહે. બાકીની રકમ રૂ. ૧૦,૦૦૦ - રૂ. ૪૯૧૦ = રૂ. ૬૦૯૦ સંસ્થાએ વિદ્યાર્થીને પરત આપવાના થાય.

(૬) સત્રદીઠ નિયત કરવામાં આવેલ શિક્ષણ ફી, હોસ્ટેલ ફી એ છ માસ માટેના સમયગાળાની ગણાય.

ઉદાહરણ તરીકે એક સંસ્થા માટે શિક્ષણ ફી રૂ. ૧૦,૦૦૦ અને હોસ્ટેલ ફી રૂ. ૮૦૦૦ નિયત થઈ છે. ત્યારે આ સંસ્થામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી જે સત્રની અધવચ્ચેથી પ્રવેશ છોડી દે ત્યારે જે માસમાં પ્રવેશ છોડી દે તે માસની પુરી ફી ગણતરીમાં લઈ વરાડે ફી પરત આપવાની રહે.

ઉપરના ઉદાહરણ સ્વરૂપે ગણતરી કરીએ તો એક વિદ્યાર્થી સપ્ટેમ્બર માસની ૨૦મી તારીખે અભ્યાસ છોદી દે છે તો - વિદ્યાર્થીએ જૂન, જુલાઈ,

ઓગષ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર, એમ છ માસમાંની ચાર માસની ફી ભરવી પડે અને બે માસની ફી તે પરત માગી શકે અને સંસ્થાએ પરત આપવાની થાય.

રૂ. ૧૦,૦૦૦ ÷ ૬ = ૧૬૭૦ માસિક ફી ગણતા ૧૬૭૦ x ૪ = ૬૬૮૦ વિદ્યાર્થી પાસેથી વસુલાત પેટે ગણી રૂ. ૧૦,૦૦૦ - રૂ. ૬૬૮૦ = રૂ. ૩૩૨૦ પરત આપવાના થાય. જે વિદ્યાર્થીની પહોંચ મેળવી પરત આપવાના રહે.

આ રીતે હોસ્ટેલ ફી ની ગણતરી વરાડે ખર્ચ પ્રમાણે કરી બાકીની વિદ્યાર્થીની પહોંચ મેળવી પરત આપવાની રહે.

શૈક્ષણિક સાધન સામગ્રી ખર્ચ જેવી વસુલ કરેલી રકમો પરત કરવા બાબતે સંસ્થાના સંચાલકશ્રીએ પોતાની વિવેક બુધ્ધિપૂર્વક નિર્ણય કરવો. પ્રવાસ ન થયો હોય તો પ્રવાસ ફી પણ પરત કરવી.

(૭) કેટલીક સંસ્થાઓ દ્વારા બીજા સત્રની શરૂઆતમાં અભ્યાસ છોડી જનાર વિદ્યાર્થીઓ કે બીજા વર્ષના પ્રથમ સત્રની શરૂઆતે અભ્યાસ છોડી જનાર વિદ્યાર્થીઓ પાસેથી પુરી ફી વિદ્યાર્થીએ ભરવી જોઈએ તેવા આગ્રહ રાખે છે જે પણ કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધ છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીએ અગાઉથી જાણ ન કરી હોય, તો એક માસની વરાડે ફી વસુલ કરવી જોઈએ. વધુ નહી.

વિદ્યાર્થીઓ ફી ન ભરે એટલે સંસ્થાના આચાર્ય / સંચાલક દ્વારા તેઓને અસલ માર્કશીટ કે પ્રમાણપત્રો જે સંસ્થાના કબજામાં હોય છે તે પરત કરવાનો ઈન્કાર કરવામાં આવે છે જે પણ વ્યાજબી નથી.

(૮) (૭) પ્રમાણે વસુલાતની થતી ફી વરાડે વસુલ કરીને તથા (૬) પ્રમાણે જો ફી ભરાઈ ગઈ હોય, તો પ્રવેશ રદ થયે પરત આપીને તુરત જ વિદ્યાર્થીને તેમના અસલ ગુણપત્રકો / પ્રમાણપત્રો પરત આપવા જોઈશે.

૨૭. (ક) પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવાર પોતાનો પ્રવેશ રદ કરવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પરિપત્રિત પત્ર ક્રમાંક : તાલીમ-૧-પ્રવેશ-૦૬-જ-૮૭-૭૯-૯૦૭૮, તા. ૨૮-૯-૨૦૦૬ માં વિગતવાર સમાવિષ્ટ સૂચનાનુસાર વખતોવખત નિયત કરેલ અરજી ફોર્મમાં જે તે કૉલેજના આચાર્યશ્રી મારફતે અરજી કરવાની રહેશે. કૉલેજના આચાર્યશ્રી અરજી મળ્યેથી અરજીમાં જણાવેલ વિગતોથી ચકાસણી કરી અરજી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને મોકલી આપવાની રહેશે. આચાર્યશ્રીના શેરા વગરની પ્રવેશ રદ કરવા માટેની કોઈપણ તાલીમાર્થીની અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(ખ) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા પ્રવેશ રદ કરવા અંગેનો અધિકૃત પત્ર મળ્યા બાદ જ જરૂરી પહોંચ લઈ તાલીમાર્થીને તેના અસલ પ્રમાણપત્રો જે તે ઉમેદવારને પરત કરશે. આવા અસલ પ્રમાણપત્રો જયાં સુધી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા પ્રવેશ રદ કરવાના હુકમો ન કરવામાં આવે ત્યાં સુધી પરત કરવાના રહેશે નહિ.

(ક) પ્રમાણપત્રોની સાથોસાથ શૈક્ષણિક પાઠો, અવલોકન નોંધો તેમજ આંતરિક મુલ્યાંકન સંબંધિત તમામ સાહિત્ય ઉમેદવારને પહોંચ લઈ સુપ્રત કરવાનું રહેશે.

(ડ) પ્રવેશ રદ થતાં તાલીમાર્થીને પરત કરવાની ફી બાબતમાં આગળના સૂચના-૨૬ માં સમાવિષ્ટ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

૨૮. દરેક સંસ્થાએ પી.ટી.સી. કૉલેજોના નિયમન, કાર્યરીતિ અને કાર્યપધ્ધતિ અંગે તથા આ પ્રક્રિયા અને પ્રવેશ સંબંધિત સૂચનાઓમાં સમાવિષ્ટ વિષયો બાબતો અંગે નીચે દર્શાવેલ સત્તાધિકારીઓ દ્વારા વખતો વખત ઘડવામાં આવેલા નિયમો / હુકમો / પરિપત્રો / સૂચનાઓ વગેરેનું પાલન કરવાનું રહેશે :-

(૧) નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામક કે તેના પ્રતિનિધિ, ગુજરાત રાજય, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

(૫) રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

(૬) સંબંધિત જીલ્લા શિક્ષણાધિકારી કે તેના પ્રતિનિધિ

(૭) પ્રાચાર્ય, જીલ્લા શિક્ષણ તાલીમ ભવન

# પી.ટી.સી. પ્રવેશ નિયમોના નિયમ-૧૦ અંતર્ગત સૂચનાઓ અને પ્રક્રિયા
## પરિશિષ્ટ-ખ (સૂચના -18 )
## વર્તણૂંક અને શિસ્ત પાલનના નિયમો

૧. શૈક્ષણિક સંસ્થાઓમાં તાલીમાર્થી માટે છાત્ર નિવાસ મરજીયાત છે.

૨. ગુજરાત શૈક્ષણિક સંસ્થાના વિનિયમોમાં સંસ્થામાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીને સ્થળ ફેરફાર આપવાની કોઈ જોગવાઈ ન હોઈ સ્થળ ફેરફારની રજૂઆત કરી શકશે નહિ.

૩. અનિવાર્ય સંજોગો કે માંદગીને કારણે હાજર રહી ન શકાય ત્યારે દાક્તરી પ્રમાણપત્ર કે સંજોગોને અનુરૂપ રજા માટેની વાલીના વિનંતી પત્ર સિવાયના સંજોગોમાં દરેક તાલીમાર્થીઓએ પ્રત્યેક સત્રના પ્રારંભ દિનથી બધા જ કાર્ય દિનોએ કૉલેજમાં બધા જ શૈક્ષણિક વર્ગો, પ્રાયોગિક કાર્યો વગેરેમાં ઉપસ્થિત રહેવું પડશે.

૪. તાલીમાર્થીઓ વર્ગમાં કોઈ પણ જાતનો અવરોધ ઉભો કરશે નહિ તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અધ્યાપકગણનું અપમાન કરશે નહિ.

૫. સંસ્થાના વિસ્તારમાં કોઈ પણ તાલીમાર્થી કાયદા વિરૂદ્ધ કે અવ્યસ્થાજનક વર્તાવ કરી શકશે નહિ. તાલીમાર્થી સંસ્થાનદ વિસ્તાર સિવાય કોઈ ક્રિમીનલ કેસમાં સંડોવાયેલો માલુમ પડશે તો તેનો પ્રવેશ પ્રાથમિક શિક્ષણ નિયામક રદ કરી શકશે.

૬. સંસ્થાના કર્મચારીગણની કે વિદ્યાર્થીગણની મિલકતને કુરૂપ બનાવવાની, નુકસાન પહોંચાડવાની કે નાશ કરવાની મનાઈ છે. આવું નુકસાન સંબંધિત તાલીમાર્થીના માતા-પિતા કે વાલી પાસેથી વસુલ કરવામાં આવશે.

૭. શૈક્ષણિક કે અન્ય કાર્ય સંબંધિત અધ્યાપકગણ તરફથી વખતો વખત અપાતી સૂચનાઓનું ચુસ્તપણે અમલ કરવો આવશ્યક રહેશે.

૮. તાલીમાર્થી પી.ટી.સી.ના અભ્યાસક્રમની સાથે અન્ય અભ્યાસક્રમ કરી શકશે નહિ અને જો તેવું માલુમ પડશે તો તે પ્રવેશ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી રદ કરી શકશે.

૯. સંસ્થાના સત્તાવાળાઓ તરફથી અપાયેલ ઓળખપત્ર દરેક તાલીમાર્થીએ પોતાની પાસે રાખવાનું રહેશે અને અધિકૃત વ્યક્તિ તપાસવા માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

૧૦. કોઈપણ તાલીમાર્થી પોતાની પાસે કેફી અથવા માદક દ્રવ્યો રાખી શકશે નહિ અને તેનું સેવન કરી શકશે નહિ.

૧૧. સંસ્થાએ નક્કી કરેલા નિયમો તેમજ વખતો વખત તેને આપેલી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

**પી.ટી.સી. ફોર્મ નં. ૦૧**
**પ્રવેશ વિકલ્પ ફોર્મ**

૧. રૂબરૂ મુલાકાત તારીખ ______________ ૨. રૂબરૂ મુલાકાતનો સમય _________

૩. મેરીટ નંબર (મેરીટ લીસ્ટ પ્રમાણે) ___________________________

૪. કેટેગરી (SC / ST / SEBC / Open) __________________________

૫. પ્રવેશ સમયે ઉપર દર્શાવેલ કેટેગરી અને મેરીટ નંબર પ્રમાણે જે પી.ટી.સી. કૉલેજોમાં ખાલી જગ્યાઓ છે તેવી નીચેની પૈકી કોઈ એક પી.ટી.સી. કૉલેજોમાં પ્રવેશ માટે વિનંતી કરૂં છું :-

(૧)
(૨)
(૩)
(૪)
(૫)

ઉપર દર્શાવેલ કૉલેજમાં ઓન લાઈન સીસ્ટમ પર મારી પસંદગી કરવાના સમયે ખાલી જગ્યાઓ છે / નથી.

હું ...................................................................... કૉલેજમાં પ્રવેશ લેવા ઈચ્છું છું.

| ....................... | ....................... |
|---|---|
| **વિદ્યાર્થીની સહી** | **વાલીની સહી** |

૬. પસંદગી મુજબની પી.ટી.સી. કૉલેજમાં પ્રવેશ મળતો નથી એટલે પ્રવેશ જતો કરવા માગો છો ? (હા / ના) જો હા તો પ્રમાણપત્ર - એ માં સહી કરવી. [ ]

૭. તમો રૂબરૂ મુલાકાત માટે સમય પ્રમાણે ઉપસ્થિત રહી શક્ય ન હોવા છતાં ઉપલબ્ધ જગ્યાઓ પર પ્રવેશ લેવા ઈચ્છો છો ? (હા / ના) [ ]
જો હા તો પ્રમાણપત્ર - બી માં સહી કરવી.

૮. તમો અનામત કેટેગરીના ઉમેદવાર હોવા છતાં બિનઅનામત કેટેગરી પર મેરીટ પ્રમાણે પ્રવેશ મળે છે પરંતુ પસંદગીનું સ્થળ મળતું નથી, તેવા સંજોગોમાં તમો બિનઅનામત કેટેગરી પર પ્રવેશ જતો કરી અનામત કેટેગરી પર પ્રવેશ મેળવવા ઈચ્છો છો ? હા/ના. [ ]
જો હા તો પ્રમાણપત્ર - સી માં સહી કરવી.

| **પ્રમાણપત્ર - એ** | **પ્રમાણપત્ર - બી** | **પ્રમાણપત્ર - સી** |
|---|---|---|
| હું નીચે સહી કરનાર શ્રી ......................... પ્રવેશ સમયે ઉપલબ્ધ સ્થળ મારી પસંદગી મુજબ ન હોવાથી મારા પ્રવેશનો હક્ક જતો કરૂં છું......................... **ઉમેદવારની સહી** | હું નીચે સહી કરનાર શ્રી .......................... મારા મેરીટ ક્રમ મુજબ નિયત સમયે હાજર રહી શકેલ નથી છતાં આજે હું ઉપસ્થિત થઉં છું. મારી કેટેગરીના પ્રવેશના દિવસના અંતે ઉપલબ્ધ સ્થળે પ્રવેશ મેળવવા સંમતિ આપું છું. ....................... **ઉમેદવારની સહી** | હું નીચે સહી કરનાર શ્રી .................... સંમતિ આપું છું કે મને મારા મેરિટ ક્રમ મુજબ બિનઅનામત બેઠક પર પ્રવેશ મળવાપાત્ર છે. પરંતુ મારી ............ કેટેગરીમાં મને પસંદગીના સ્થળે પ્રવેશ મળતો હોવાથી હું મારો બિનઅનામત બેઠક પર મળતો પ્રવેશ સ્વેચ્છાએ જતો કરૂં છું. ....................... **ઉમેદવારની સહી** |

ારીખ : ......................    વાલીની સહી .........................

સ્થળ : ......................    અધિકૃત અધિકારીની સહી ..................

## પી.ટી.સી. ફોર્મ નં. ૦૨
## પી.ટી.સી. પ્રવેશ રદ કરવાની અરજી

સંસ્થાનો પ્રવેશ કોડ નંબર : | | | | |

નામ : ......................................................
સરનામું : ..................................................
**અનુક્રમ** નંબર(Sr.No.) :...........................
પ્રવેશ મેરીટ નંબર : ...................................
કેટેગરી મેરીટ નંબર :...........................
તારીખ : ...................................................

પ્રતિ,
**પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,**
ગુ.રા. ગાંધીનગર

**વિષય : પી.ટી.સી. પ્રવેશ રદ કરવા અંગે - વર્ષ પ્રથમ / દ્વિતિય**

સવિનય જણાવવાનું કે મેં ........................... ના પ્રથમ વર્ષમાં પી.ટી.સી. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ છે. હું મારો આ પી.ટી.સી. પ્રવેશ સ્વૈચ્છિક રદ કરાવવા માગું છું. રદ કરાવ્યા બાદ મને ફરી પુન:પ્રવેશ મળશે નહીં તે હું જાણું છું. આ અંગે કોઈ વાદ-વિવાદ ભવિષ્યમાં ઉભો નહીં કરૂં તેવી બાંહેધરી સાથે મારી નીચેની વિગતો ધ્યાને લઈ પ્રવેશ રદ કરવા વિનંતી અને મારા અસલ પ્રમાણપત્રો મારી સંસ્થામાં જમા લીધેલ છે તે પરત કરવા પણ વિનંતી.

૧. નામ

૨. પ્રવેશ મેળવેલ પી.ટી.સી. કૉલેજનું નામ સરનામું પીનકોડ સાથે

૩. પ્રવેશ મેળવ્યા તારીખ

૪. પ્રવેશ રદ કરવાનું કારણ

**.................... આપનો વિશ્વાસુ,....................**

**તારીખ : ................ વાલીની સહી ઉમેદવારની સહી**

**અમારા રૂબરૂ**

**પ્રિન્સીપાલ**
**............... પી.ટી.સી. કૉલેજ**
**ગામ ......................**

ઉપરની વિગતો ધ્યાને લેતાં આ તાલીમાર્થીનો પ્રવેશ રદ કરવા ભલામણ છે. આ સંસ્થાના પી.ટી.સી.ના જનરલ રજીસ્ટર પરના ક્રમ નંબરઃ ...................... દ્વારા નોંધાયેલ છે. તેઓ અનામત કેટેગરીના તાલીમાર્થી છે / નથી અને તેઓની સમાજ કલ્યાણ ખાતા દ્વારા શિષ્યવૃત્તિની અરજી મળેલ છે / નથી. તે રદ કરવા અલગથી તે ખાતાને પણ લખાણ કરવામાં આવશે અને જો શિષ્યવૃત્તિ મંજુર થશે તો સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે.

આપના દ્વારા પ્રવેશ રદ કરવાની મંજુરી આપવામાં આવશે તો આપની કચેરીના તા. ૨૩-૧-૨૦૦૭ની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરીશું તેમજ અસલ ગુણપત્રકો અને જરૂરી સાહિત્ય વિના વિલંબે પરત કરીશું.

જા.નં.........................

તારીખ : .....................

**પ્રિન્સીપાલ**
**............... પી.ટી.સી. કૉલેજ**
**ગામ ......................**

Back

# પી.ટી.સી. પ્રવેશ ૨૦૦૯-૨૦૧૦

## માહિતી પુસ્તિકા : ભાગ-૨


| ક્રમ | વિષય |
|---|---|
| ૬ | પી.ટી.સી. અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેના નિયમો |
| ૭ | પી.ટી.સી. કોલેજોની યાદી |
| ૮ | ઈન્ટરવ્યૂ સમયે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ધ્યાનમાં રાખવાની વિગતો અને સાથે લાવવાના આધારો/દસ્તાવેજો |
| ૯ | ઓનલાઈન પ્રવેશ અંગે વિશેષ સૂચનાઓ |

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા વ્યવસાયલક્ષી પ્રવાહ પરીક્ષા પાસ કર્યા પછીના બે વર્ષના પી.ટી.સી. અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેના નિયમો.

૧. **નિયમો :**

આ નિયમો ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહ અથવા ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અથવા વ્યવસાયલક્ષી પ્રવાહ પરીક્ષા પાસ કર્યા પછીના બે વર્ષના પી.ટી.સી. અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવાના નિયમો કહેવાશે.

૨. **લાગુ પાડવા બાબત :**

આ નિયમો ગુજરાત રાજયની પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી તમામ માન્ય કૉલેજોને લાગુ પડશે.

૩. **કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ :**

આ નિયમો હેઠળ રાજ્યની પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી તમામ માન્ય કોલેજોમાં પ્રવેશ મેરીટ મુજબ કેન્દ્રીયકૃત પ્રવેશ પધ્ધતિ હેઠળ આપવામાં આવશે.

૩.૧. રાજ્યની પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી સંસ્થાઓના મુખ્ય ત્રણ પ્રકારો છે.

(ક) પુરૂષો માટેની પ્રાથમિક શિક્ષણ તાલીમ કોલેજો કે જેમાં મંજુર ઈન્ટેકની ૧૦૦% જગ્યાઓ પુરૂષ ઉમેદવારો માટે હોય.

(ખ) સ્ત્રીઓ માટેની પ્રાથમિક શિક્ષણ તાલીમ કોલેજો કે જેમાં મંજૂર ઈન્ટેકની ૧૦૦% જગ્યાઓ સ્ત્રી ઉમેદવારો માટે હોય.

(ગ) મિશ્ર પ્રાથમિક શિક્ષણ તાલમી કોલેજો કે જેમાં મંજુર ઈન્ટેકની ૫૦% જગ્યાઓ પુરૂષ અને ૫૦% જગ્યાઓ સ્ત્રી ઉમેદવારો માટે હોય.

આ પ્રકારો ધ્યાને લઈને આ નિયમો હેઠળ રાજ્યની પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી તમામ માન્ય કોલેજોમાં મેરીટ મુજબ પ્રવેશ કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ હેઠળ આપવામાં આવશે.

૪. **પ્રવેશ માટેની પાત્રતા :**

આ નિયમો પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી માન્ય કૉલેજોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારો નીચે મુજબની પાત્રતા ધરાવતા હોવા જોઈશે :-

**૪.૧ પ્રવેશ માટે ઉત્તિર્ણ પરીક્ષાઓ :**

નીચે પૈકીની કોઈ પણ એક પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ :-

**૪.૧.૧ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઃ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહ અથવા ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અથવા વ્યવસાયલક્ષી પ્રવાહ પરીક્ષા

**૪.૧.૨ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવાયેલ પરીક્ષા :**

ગુજરાત રાજયમાં આવેલી માન્ય કેન્દ્રીય શાળાઓ / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જેની પરીક્ષા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન, નવી દિલ્હી દ્વારા લેવાતી હોય તેના ધોરણ-૧૨ ની ઉપર પેટા-નિયમ-૪.૧.૧ માં જણાવ્યા મુજબ પ્રવાહોની પરીક્ષા.

**૪.૧.૩ કાઉન્સીલ ઓફ ધી ઈન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એક્ઝામીનેશન દ્વારા લેવાયેલ પરીક્ષા**

રાજયમાં આવેલી શાળાઓમાંથી વિદ્યાર્થીઓ કે જે કાઉન્સીલ ઓફ ધી ઈન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એક્ઝામીનેશન, નવી દિલ્હીથી ધોરણ-૧૨ ની ઉપર પેટા-નિયમ-૪.૧.૧ માં જણાવ્યા મુજબના પ્રવાહોની પરીક્ષા.

**૪.૨ પ્રવેશ માટે લઘુત્તમ ગુણ :**

ઉમેદવારે ઉપરોક્ત પેટા-નિયમ-૪.૧ માં દર્શાવેલ પ્રવાહોની પરીક્ષામાં કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ મેળવેલા હોવા જોઈએ.

**૪.૩ બોર્ડની પુરક પરીક્ષામાં ઉત્તિર્ણ :**

પ્રવેશ સમિતિ દ્વારા કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયાની શરૂઆત થયા બાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પુરક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારને જે તે વર્ષ દરમિયાન પ્રવેશને પાત્ર ગણવામાં આવશે નહીં ત્યારપછીના વર્ષમાં તે પ્રવેશ માટે અરજી કરી શકશે.

**૪.૪ મહત્તમ ઉંમર મર્યાદા :**
પ્રવેશ માટે ઉમેદવારની ઉંમર શૈક્ષણિક વર્ષના આરંભે એટલે કે જે તે વર્ષના જુલાઈની પ્રથમ તારીખે ૨૪ વર્ષ કરતાં વધુ હોવી જોઈશે નહીં.

**૪.૫ મહત્તમ ઉંમરમાં છૂટછાટ :**
ઉપર નિયમ-૪.૪ માં નિર્દિષ્ટ કરેલ વયમર્યાદા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોની બાબતમાં પાંચ વર્ષ સુધી હળવી કરવામાં આવશે.

**૪.૬.૧ પ્રવેશનું માધ્યમ :**
ઉમેદવારે જે માધ્યમમાં એસ.એસ.સી. તેમજ એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી હશે તે જ માધ્યમમાં તે પ્રવેશ મેળવવાને પાત્ર રહેશે.

**૪.૬.૨ ઉર્દુ માધ્યમમાં પ્રવેશ :**
ઉર્દુ માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ધો.૧૨ સુધી ઉર્દુ માધ્યમમાં અભ્યાસ કરેલ ન હોય, તો ધો.૭ સુધી ઉર્દુ માધ્યમમાં અભ્યાસ કરેલ હોવો જોઈએ ઉપરાંત ધો.૧૦ અને ધો.૧૨માં ઉર્દુ હાયર લેવલ વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ.

**૪.૬.૩ મરાઠી માધ્યમમાં વિજ્ઞાન પ્રવાહની બેઠક ઉપર પ્રવેશ :**
મરાઠી માધ્યમની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા રાજયમાં ન હોવાથી ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ નો અભ્યાસ ગુજરાતી માધ્યમમાં કરેલ હોય તેવા મરાઠી માધ્યમની વિજ્ઞાન પ્રવાહની બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ ધોરણ-૧૦ સુધી મરાઠી માધ્યમમાં અભ્યાસ કરેલો હોવો જોઈએ.

**૪.૬.૪ સિંધી માધ્યમમાં પ્રવેશ :**
સિંધી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા સિંધી માધ્યમમાં પાસ કરેલ હોવી જોઈએ.

**૪.૬.૫ હિન્દી માધ્યમમાં પ્રવેશ :**
હિન્દી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા હિન્દી માધ્યમમાં પાસ કરેલ હોવી જોઈએ.

**૪.૬.૬ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ :**
અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા અંગ્રેજી માધ્યમમાં પાસ કરેલ હોવી જોઈએ.
નોંધ : વધુમાં જુઓ નિયમ-૧૫.

૫. **અનામત બેઠકો :**
મૂળ ગુજરાતના વતની હોય તેવા ઉમેદવારો માટે સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર હવે પછી દર્શાવ્યા પ્રમાણે બેઠકો અનામત રાખવામાં આવશે.

**૫.૧ અનુસૂચિત જાતિ**
અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે - ૭ ટકા.
અનુસૂચિત જાતિના ઉમેદવારોએ સક્ષમ અધિકારીની સહી સિકકા કરેલ અને મેળવેલ જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

**૫.૨ અનુસૂચિત જનજાતિ**
અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે - ૧૫ ટકા.
અનુસુચિત જનજાતિના ઉમેદવારોએ સક્ષમ અધિકારીની સહી સિકકા કરેલ અને મેળવેલ જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

**૫.૩ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ**
સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે - ૨૭ ટકા.
સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર તેમજ તેમનો સમાવેશ ''ઉન્નત વર્ગો'' માં થતો નથી તે મુજબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર પ્રવેશ વર્ષના અગાઉના તારીખ ૩૧/૩ ના રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષની આવકના આધારે મેળવેલું હોવું જોઈશે.
નોંધ : ઉપરોક્ત પ્રમાણપત્રોમાં સક્ષમ અધિકારી એટલે યથાપ્રસંગ સંબંધિત વહીવટી વિભાગે જાહેર કરેલ સક્ષમ અધિકારી એમ ગણવાનું રહેશે.

**૫.૪ વિકલાંગ ઉમેદવારો માટે અનામત :**
વિકલાંગ ઉમેદવારોની વિકલાંગતા શિક્ષકના વ્યવસાયને બાધારૂપ બને તેમ છે કે કેમ ? તેની ચકાસણી માટે નીચેના તજજ્ઞોની વિકલાંગતા ચકાસણી સમિતિ રહેશે.
૧. સિનિયર મહિલા વ્યાખ્યાતા : રાજયના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં કાર્યરત હોય તે પૈકી એક
૨. આચાર્યશ્રી - અનુદાનિત / સરકારી પી.ટી.સી. કોલેજમાં કાર્યરત હોય તે પૈકી એક.
૩. કોઓર્ડીનેટર-અંધજન મંડળ વસ્ત્રાપુર, ગાંધીનગર.
૪. સિવિલ સર્જનશ્રી, ગાંધીનગર સૂચવે તે ડૉકટર ઉપર દર્શાવેલ ક્રમ ૧, ૨, ૩ની નિયુક્તિ નિયામકશ્રી વખતો વખત કરે તે પ્રમાણે રહેશે.

**સમિતિનું કાર્યક્ષેત્ર અને ફરજો :**

૧. વિકલાંગ ઉમેદવારની પી.ટી.સી. અભ્યાસક્રમમાં તથા ત્યારબાદ પ્રાથમિક શાળાના શિક્ષકના વ્યવસાયમાં બાધારૂપ ન હોય તેવી મૂક-બધિર, અંધત્વ અથવા અલ્પદૃષ્ટિ તથા અસ્થિવિષયક વિકલાંગતાની ચકાસણી તથા તપાસ કરવાની રહેશે.
૨. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ટીસીએમ-૧૪૦૨-૩૫૪-ન તા.૦૨-૦૯-૦૩ની વિગતો પણ ધ્યાને લેવાની રહેશે.

૫.૪.(ક) મુકબધિર ઉમેદવારો, અંધતત્વ અથવા અલ્પદૃષ્ટિ ધરાવતા ઉમેદવારો અને અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોનો સમાવેશ વિકલાંગ કેટેગરીમાં થાય છે.

૫.૪(ખ) નિયમ ૫.૪(ક)માં દર્શાવ્યા મુજબના વિકલાંગ ઉમેદવારો માટે કુલ ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની રહેશે.
નિયમ ૫.૪(ગ) ૫.૪ (ખ) પ્રમાણેની ૩ ટકા જગ્યાઓ પૈકી
- મુકબધિર ઉમેદવારો માટે ૧ ટકા
- અંધત્વ તથા અલ્પદૃષ્ટિવાળા ઉમેદવારો માટે ૧ ટકા અને
- અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે ૧ ટકા જગ્યાઓ વિભાજીત કરવાની રહેશે.

૫.૪(ઘ) નિયમ ૫.૪(ક)માં દર્શાવ્યા મુજબના વિકલાંગ ઉમેદવારો પૈકી અનુસૂચિત જાતી, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને નિયમ - ૫ હેઠળ નિયત કરેલ અનામતની જોગવાઈ લાગુ પડશે. તે અનુસાર નિયમ-૪.૫માં દર્શાવેલ મહત્તમ ઉંમરનો લાભ મળી શકશે.

**૫.૪.૧ મુક-બધિર ઉમેદવારો :**

મુક-બધિર ઉમેદવારો માટે સૌ પ્રથમ અગ્રતા તેમના સ્પષ્ટ ઉચ્ચારણો અને સ્પષ્ટ સાંભળી શકવાની ક્ષમતા હોવી જરૂરી. મુક-બધિરનું પ્રમાણ નીચે મુજબ હોવું જરૂરી છે :-

| Sr. No. | Category | Type of Impairment | dB Level and or | Speech discrimination | Percentage of Impairment |
|---|---|---|---|---|---|
| 1. | II | Moderate hearing impairment | 41 to 55 dB in better ear | 50 to 80% better ear | 40% to 50% |
| 2. | III | Severe hearing impairment | 56 to 70 dB in better ear | 40 to 50% better ear | 50% to 75% |

**(શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : ટીસીએમ/૧૪૦૨/૩૫૪/ન, તા. ૨-૯-૨૦૦૩)**

**૫.૪.૨ અંધત્વ અથવા અલ્પ દૃષ્ટિ ધરાવતા ઉમેદવારો :**

શાળાના વર્ગખંડમાં નિરીક્ષણ કરી શકે તેવી દૃષ્ટિ-ક્ષમતા હોવી જરૂરી. અંધત્વ અથવા અલ્પદૃષ્ટિનું પ્રમાણ નીચે મુજબ હોવું જરૂરી.

| Sr. No. | Category | Better eye | Worse eye and or | Percentage of Impairment |
|---|---|---|---|---|
| 1. | I | 6/18 to 6/36 | 6/60 to Nil | 75% |
| | II | 6/60 to 4/60 | 3/60 to Nil | 75% |
| | III | 3/60 to 1/60 | F.C. at 1 fit to Nil | |

**(શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : ટીસીએમ/૧૪૦૨/૩૫૪/ન, તા. ૨-૯-૨૦૦૩)**

**૫.૪.૩ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો :**

૪૦ ટકા અથવા તેનાથી વધારે પ્રમાણિત વિકલાંગતા સાથે આપમેળે સરળ રીતે હરીફરી શકવાની ક્ષમતા જરૂરી.

**૫.૫ અનામત ઉમેદવારોને પ્રવેશ :**

અનામત કેટેગરીના ઉમેદવારને ગુણવત્તા અનુસાર બિનઅનામત બેઠક ઉપર તેમની પસંદગીના સ્થળે પ્રવેશ મળતો હશે તો તે મુજબ પ્રથમ બિનઅનામત બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવશે. તે માટે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીની અનામત બેઠક ઉપર તેનો પ્રવેશ ગણવામાં આવશે નહિ અને

સંબંધિત અનામત કેટેગરીમાં આવતા ઉમેદવારોની મળવાપાત્ર બેઠકોની સંખ્યા જાળવી રાખવામાં આવશે. આમ છતાં તમામ અનામત કેટેગરીના ઉમેદવારોને સરકાર તરફથી જે કોઈ લાભ મળવાપાત્ર હોય છે તે લાભો આવા બિનઅનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવાપાત્ર ઉમેદવારોને પણ મળવાપાત્ર રહેશે. અનામત કેટેગરીના ઉમેદવારને પસંદગીના સ્થળે જો બિનઅનામત બેઠક ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં ઉમેદવાર ઈચ્છે તો પોતાની કેટેગરીની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવી શકાશે. જે અંગેની સંમતિ ઉમેદવારે આપવાની રહેશે.

**૫.૬ અનામત બેઠકો અન્ય કેટેગરીના ઉમેદવારોથી ભરવા :**

ઉપરોક્ત અનામત બેઠકો જે તે કક્ષાથી ભરાયા બાદ જો બેઠક ખાલી રહે તો તે પ્રવાહ બદલીને જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરી શકાશે. તેમ છતાં જો બેઠકો ખાલી રહેશે તો આવી બેઠકો બિનઅનામત ઉમેદવારોથી ભરી શકાશે.

**૫.૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઈ (ડાંગ) ખાતે પ્રવેશ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઈ (ડાંગ) ખાતે મંજૂર થયેલ પ્રવેશ ક્ષમતાની ૫૦ ટકા લેખે ૨૬ બેઠકો ડાંગી ઉમેદવારોથી ભરવામાં આવશે. ડાંગીની જગા ઉપર ઉમેદવારી કરનાર ડાંગ જિલ્લાના રહેવાસી હોવા જોઈએ. ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબ ક્રમિક અગ્રતા રહેશે :-

(૧) પ્રથમ અગ્રતા :

ડાંગ જિલ્લાની શાળામાં અભ્યાસ કર્યા બાદ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા ડાંગ જિલ્લાની શાળામાંથી પાસ કરેલ હોય.

(૨) બીજી અગ્રતા :

ઉપર (૧) મુજબ કાર્યવાહી કરવા છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જિલ્લાની શાળામાં અભ્યાસ કર્યા બાદ ધોરણ-૧૨ ની પરીક્ષા ડાંગ જિલ્લામાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય.

(૩) ત્રીજી અગ્રતા :

ઉપર (૧) અને (૨) ની કાર્યવાહી કરવા છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જિલ્લામાં શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ડાંગ જિલ્લામાં આવેલ શાળામાંથી ધોરણ-૧૦ ની પરીક્ષા આપેલ હોય.

(૪) ચોથી અગ્રતા :

ઉપર (૧), (૨) અને (૩) ની કાર્યવાહી છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જિલ્લાના રહેવાસી હોય પરંતુ ડાંગ બહાર અભ્યાસ કરેલ હોય.

## ૬. પી.ટી.સી. કૉલેજોમાં બેઠકોની સંખ્યા :

૬.૧ નિયમ-૩.૧માં દર્શાવ્યા પ્રમાણેની દરેક પી.ટી.સી. કોલેજમાં બેઠકોની સંખ્યા એન.સી.ટી.ઈ. ધ્વારા મંજુર કરવામાં આવેઈ ઈન્ટેક (ત્રૂબ્ર્) પ્રમાણે રહેશે. ઉપલબ્ધ બેઠકો હવે પછી દર્શાવ્યા પ્રમાણેના ઉમેદવારોને ફાળવવામાં આવશે.

૬.૨ ઉપલબ્ધ બેઠકોની પ્રવાહવાર ફાળવણી નીચે મુજબ રહેશે :-

(અ) વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ૩૦ ટકા.

(બ) સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી (સામાન્ય પ્રવાહ) તથા વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારો માટે ૭૦ ટકા (સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી (સામાન્ય) પ્રવાહ તથા વ્યવસાયલક્ષી પ્રવાહમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારોના સપ્રમાણમાં બેઠકો ફાળવવામાં આવશે).

## ૭. કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ :

નિયમ-૩.૧માં દર્શાવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ હેઠળ નિયમ(૪)માં દર્શાવેલ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે નિયમ-૬.૧ મુજબના ઈન્ટેકની ફાળવણી ધ્યાને લઈને નિયમ-૯.૦માં જણાવ્યા પ્રમાણે તૈયાર કરવામાં આવનાર મેરીટ યાદીના આધારે પ્રવેશ આપવામાં આવશે.

## ૮. મેરીટ ગુણ અને તેની સુધારણા :

૮.૧ ધોરણ-૧૨ ની પરીક્ષામાં મેળવેલ ગુણમાં ફેરફાર થતો હોય તેવા ઉમેદવારોએ ખરેખર પ્રવેશ કામગીરી (ઈન્ટરવ્યુ પ્રોગ્રામ) હાથ ધરાય તેના આગળના દિવસ સુધીમાં ગુણ ફેરફાર અંગેનો બોર્ડનો અધિકાર પત્ર / સુધારેલ ગુણપત્રક પ્રવેશ સમિતિ સમક્ષ રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે. અન્યથા બોર્ડ દ્વારા અપાયેલ પ્રથમ ગુણપત્રકના આધારે નક્કી થતા મેરીટક્રમ મુજબ પ્રવેશ સ્વીકારવાનો રહેશે. ઈન્ટરવ્યુ પ્રોગ્રામ શરૂ થયા બાદ મળેલ બોર્ડનો ગુણ ફેરફાર અંગેનો પત્ર / સુધારેલ ગુણપત્રક પ્રવેશ માટે ધ્યાનમાં લેવાશે નહીં.

૮.૨ એક કરતાં વધુ પ્રયત્નોથી ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારોની મેરીટ ગુણની ગણત્રીમાં ગુણની કોઈ કપાત કરવાની રહેશે નહિ.

## ૯. મેરીટ યાદી :

૯.૧ મેરીટ યાદી :

૯.૧ નિયમ ૩.૧માં દર્શાવ્યા પ્રમાણે પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી સંસ્થાઓને ધ્યાને લઈને પુરૂષ ઉમેદવારો અને સ્ત્રી ઉમેદવારોની અલગ-અલગ મેરીટ યાદી કરવાની રહેશે.

૯.૨ સમાન મેરીટ ક્રમ :

ઉપર નિયમ-૯.૧ માં દર્શાવ્યા મુજબ મેરીટ યાદી બનાવતા જો કોઈ ઉમેદવારના મેરીટ ક્રમ સમાન થાય તેવા કિસ્સામાં નીચે દર્શાવેલ ક્રમિક માપદંડ અગ્રતાક્રમ માટે અપનાવવામાં આવશે :-

(૧) ધોરણ-૧૦ માં મેળવેલ ટકા.

(૨) જન્મ તારીખ (જે ઉમેદવાર ઉંમરમાં મોટો હશે. તેને આગળના ક્રમમાં મુકવામાં આવશે)

૯.૩ મેરીટ યાદીની પ્રસિધ્ધિ :

પ્રવેશ પાત્ર થતા ઉમેદવારોની યાદીઓ યથા સમયે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**૧૦. પી.ટી.સી. કૉલેજોમાં પ્રવેશ માટેની કાર્યરીતિ :**

પી.ટી.સી. કૉલેજોમાં ઉમેદવારોને પ્રવેશ આપવા માટે અનુસરવાની કાર્યરીતિ પ્રાથમિક શિક્ષણ નિયામક અથવા યથાપ્રસંગ અધિકૃત અધિકારી નિર્દિષ્ટ કરે તેવી રહેશે.

**૧૧. ફીના ધોરણો :**

જુદા જુદા પ્રકારની ફી માટેના ધોરણો સરકારના નિર્ણયાનુસાર નક્કી કરવામાં આવશે.

**૧૨. કૉલેજ પસંદગીમાં ફેરફાર :**

એક વાર પ્રવેશ લીધા બાદ ઉમેદવારે લીધેલ પ્રવેશની કૉલેજ બદલી શકાશે નહીં.

**૧૩. ઉમેદવારોએ માર્કશીટ / પ્રમાણપત્રો જોડવા તથા જમા કરાવવા બાબત :**

૧૩.૧ ઉમેદવારોએ માર્કશીટ / પ્રમાણપત્રો જોડવા તથા જમા કરાવવા બાબત :

પ્રવેશ અરજી રજુ કરતી વખતે ઉમેદવારે સંબંધિત જરૂરી તમામ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. પ્રવેશ અરજી સાથે પ્રમાણપત્રોની નકલો જોડવાની રહેશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં કબુલાત કરવાની રહેશે કે તેમણે દર્શાવેલ તમામ વિગતો સાચી છે.

૧૩.૨ અસલ પ્રમાણપત્રો જમા કરાવવા બાબત :

ઉમેદવાર જે પી.ટી.સી. કૉલેજમાં પ્રવેશ મેળવે તે સંસ્થામાં તમામ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે. પ્રવેશ રદ કરવાના પ્રસંગે અથવા અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ જ પ્રમાણપત્રો પરત મળી શકશે અન્યથા પ્રમાણપત્રો પરત મળી શકશે નહીં.

૧૩.૩ ખોટા પ્રમાણપત્રો રજૂ કરવા અંગેની શિક્ષા :

ચકાસણી દરમ્યાન પ્રમાણપત્રો કે જ્ઞાતિની વિગતો ખોટી સાબિત થશે તો ઉમેદવારની પૂરેપૂરી ફી જ[illegible] થશે તથા તેઓને બે વર્ષ (ચાલુ વર્ષ તેમજ પછીના એક વર્ષ માટે) પ્રવેશ માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

**૧૪. પ્રવેશ માટે ઉમેદવારે કોલલેટર મુજબ હાજર થવા બાબત :**

પી.ટી.સી. પ્રવેશની સમગ્ર કાર્યવાહી ''ઓન લાઈન કોમ્પ્યુટર પધ્ધતિથી'' કરવામાં આવે છે. તેથી ઉમેદવારે તેને મોકલવામાં આવેલ કોલ લેટર મુજબના સમય તારીખે જે સ્થળ ઉપર પ્રવેશની કાર્યવાહી ચાલતી હોય ત્યાં અચુક પણે ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ ની અસલ માર્કશીટ સહિત અન્ય તમામ અસલ પ્રમાણપત્રો સાથે હાજર થવાનું રહેશે. જો એમ નહિ કરવામાં આવે તો તે પ્રવેશ ન મળવાની સમગ્ર જવાબદારી સંબંધિત ઉમેદવારની અંગત રહેશે. એક વખત સમય અને તારીખ ચુકી જનાર અરજદારને ફરી કોઈ પણ સંજોગોમાં પી.ટી.સી. અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

**૧૫. અંગ્રેજી માધ્યમના ઉમેદવારો માટેની બેઠકો :**

અંગ્રેજી માધ્યમની પી.ટી.સી. કૉલેજમાં અંગ્રેજી માધ્યમના ઉમેદવારો પુરતા પ્રમાણમાં ન મળવાને કારણે જો અંગ્રેજી માધ્યમની પી.ટી.સી. કોલેજોમાં બેઠકો ખાલી રહે, તો તેવા સમયે અન્ય માધ્યમમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં અંગ્રેજી વિષય સાથે પરીક્ષા પસાર (પાસ) કરી હોય તેવા ઉમેદવારોની અલગ સંયુક્ત (ગુજરાતી, ઉર્દુ, મરાઠી, સિંધી અને હિન્દી માધ્યમની) મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને સ્વેચ્છાએ આવી અંગ્રેજી માધ્યમની પી.ટી.સી. કૉલેજમાં પ્રવેશ મેળવી અંગ્રેજી માધ્યમમાં પી.ટી.સી. કરવાની લેખિત સંમતિપત્ર આપશે તો ગુણવત્તાના ધોરણે આવા ઉમેદવારોને અન્ય માધ્યમમાં જે ક્રમથી પ્રવેશ અટકેલ હશે તે જ ક્રમથી પ્રવેશ આપવામાં આવશે. આવા ઉમેદવારોએ પ્રવેશ માટેની અલગ અરજી અંગ્રેજી માધ્યમ માટે કરવાની રહેશે નહિ.

**૧૬. ભરવાની ફી :**

પ્રથમ સત્રની ફી પ્રવેશ સમયે એક સાથે જ ભરવાની રહેશે. પ્રવેશ સમયે ભરવાની થતી તમામ પ્રકારની ફી ની વિગતો પ્રવેશ સમયે અને પ્રવેશ સ્થળે જાહેરમાં મુકવામાં આવશે. કોઈપણ પ્રકારની ફી નિયત કરેલ ફી કરતાં વધુ ભરવાની રહેશે નહીં.

**૧૭. અર્થઘટન અને સુધારા કરવાની સત્તા :**

૧૭.૧ એવા કેસ કે જેના માટે નિયમોમાં કોઈ જોગવાઈ ન હોય તો તેવી તમામ બાબતોમાં ગમે તે સમયે નિયમોમાં ફેરફાર કરવાનો અથવા નવો

નિયમ દાખલ કરવાનો સરકારનો નિર્ણય આખરી રહેશે.
૧૭.૨ આ નિયમોના અર્થઘટનમાં કોઈ મુશ્કેલી હોય તો તે અંગે પ્રાથમિક શિક્ષણ, નિયામકનો નિર્ણય આખરી રહેશે.

## ૭. માન્ય પી.ટી.સી. કોલેજોની યાદી (તા. ૨૦-૫-૨૦૦૮ ની સ્થિતિએ)

| | | | | |
|---|---|---|---|---|
| **અમદાવાદ** | અમરેલી | આણંદ | બનાસકાંઠા | **ભરૂચ** |
| **ભાવનગર** | દાહોદ | ડાંગ | ગાંધીનગર | **જામનગર** |
| **જૂનાગઢ** | ખેડા | કચ્છ | મહેસાણા | **નર્મદા** |
| નવસારી | પંચમહાલ | પાટણ | પોરબંદર | રાજકોટ |
| સાબરકાંઠા | સુરત | સુરેન્દ્રનગર | વડોદરા | વલસાડ |

માઈનોરીટી સંસ્થાઓની યાદી

| ક્રમ | સંસ્થાનું નામ | કયા પ્રકારની લઘુમતી સંસ્થા છે? (ધાર્મિક કે ભાષાકીય) | પ્રકાર | કુલ ઈન્ટેક (બેઠકો) | કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવતી બેઠકો | મંડળ દ્વારા લઘુમતી દરજ્જા તરીકે ભરવાની બેઠકો |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેરીબ્રાઉન મેમોરિયલ ટ્રેનીંગ કોલેજ, મુ. બોરસદ, તા. બોરસદ, જિ. આણંદ | ધાર્મિક | મહિલા | ૫૦ | ૨૫ | ૨૫ |
| ૨ | વોકેશનલ ટ્રેનીંગ કોલેજ, મુ. અંકલેશ્વર, જિ. ભરૂચ | ધાર્મિક | પુરુષ | ૫૦ | ૨૫ | ૨૫ |
| ૩ | આદર્શ મહિલા પી.ટી.સી. કોલેજ, સરકારી દવાખાના પાસે, મુ. નાપા, તા. બોરસદ, જિ. આણંદ | ધાર્મિક | મહિલા | ૫૦ | ૨૫ | ૨૫ |
| ૪ | સેંટ ઝેવિયર્સ પી.ટી.સી. કોલેજ (અંગ્રેજી માધ્યમ), નવા આર.ટી.ઓ. પાસે, મુ. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા | ધાર્મિક | મિશ્ર | ૫૦ | ૨૫ | ૨૫ |

## ૮. ઈન્ટરવ્યૂ સમયે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ધ્યાનમાં રાખવાની વિગતો અને સાથે લાવવાના આધારો / દસ્તાવેજો

પ્રવેશ સ્થળે આવવા માટે સેકટર-૨૮/૨૯ વાયા અક્ષરધામ જતી બસમાં બેસી સે.૧૯/૨૦ સરકારી કોમર્સ કોલેજના સ્ટેન્ડે ઉતરવું.

૧. મુલાકાત સમયે આવો ત્યારે નીચેના અસલ પ્રમાણપત્રો / આધારો સાથે લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ માટે લાયક ઠરશો નહીં.
 ૧.૧. કોલ લેટર (Call Letter)
 ૧.૨ પ્રવેશ અરજીપત્રક સ્વીકાર્યા બદલની તમોને આપવામાં આવેલ પહોંચ.
 ૧.૩ ધો.૧૦ પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ.
 ૧.૪ એચ.એસ.સી. (ધો.૧૨) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ (એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે)
 ૧.૫ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (School Leaving Certificate) (એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે)
 ૧.૬ ધો.૧૨ પાસ કર્યા અંગેનું શાળાના આચાર્યે આપેલ ટ્રાયલ સર્ટીફિકેટ.
 ૧.૭ ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા પાસ કર્યાનો સમયગાળો બે વર્ષ કરતાં વધુ હોય તો તે દરમ્યાન અન્ય અભ્યાસ કરેલ હોય તો તે અંગેના પ્રમાણપત્રો.
 ૧.૮ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) તથા વાલ્મિકી જાતિના અરજદારોએ સંબંધિત ખાતાએ નિયત કરેલ નમૂનામાં ખાતા દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નીચે જણાવેલ પૈકીના કોઈ પણ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર. (૧) સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (૨) મામલતદારશ્રી, (૩) પ્રાંત અધિકારીશ્રી, (૪) કલેકટરશ્રી/નાયબ કલેકટરશ્રી, (૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી, (૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,

૨. મુલાકાત સમયે આવો ત્યારે કોઈ એક વાલીને સાથે લાવવાના રહેશે અને પ્રવેશ સ્થળે તમારે તેમને સાથે રાખીને દાખલ થવાનું રહેશે. સ્થળ પસંદગી માટેના વિકલ્પ ફોર્મ તમોને રૂબરૂ આપવામાં આવશે. આ ફોર્મ ભરતી વખતે એટલે કે પી.ટી.સી. કોલેજની પસંદગી કરતી વખતે નીચેની કાળજી રાખીને આ ફોર્મ ભરવાનું રહેશે. (વિકલ્પ ફોર્મનો નમૂનો **વેબ સાઈટ પર મૂકેલ** છે જે જોઈ લેવો.)

૩. ૩.૧ પ્રવેશના નિયમો અને સૂચનાઓની પુસ્તિકા તેમજ પી.ટી.સી. કોલેજોની યાદી **વેબ સાઈટ પર મૂકેલ** છે . તેમાંથી તમારે પી.ટી.સી. કોલેજની પસંદગી કરવાની રહેશે. આ યાદીમાં સંજોગોવસાત સુધારા વધારા થશે, તે અંગેની માહિતી પ્રવેશ સ્થળે જાણી શકાશે.
 ૩.૨ રાજ્યમાં સરકારી, ગ્રાન્ટેડ, તાલીમભવનો અને સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજો છે જેની યાદી ઉપર જણાવ્યા પ્રમાણે જિલ્લાવાર આપવામાં આવી છે.
 ૩.૩ આ તમામ પી.ટી.સી. કોલેજો ત્રણ પ્રકારની છે એટલે કે પુરૂષ પી.ટી.સી. કોલેજ, સ્ત્રી પી.ટી.સી. કોલેજ અને મિશ્ર પી.ટી.સી. કોલેજ ઉમેદવાર તરીકે તમો પુરૂષ છો કે સ્ત્રી તે ધ્યાને લઈને પસંદગી કરવી.
 ૩.૪ પ્રવેશના સ્થળે પી.ટી.સી. કોલેજો અને તેમાં કેટેગરી વાઈઝ કેટલી જગ્યાઓ ખાલી છે તે એલ.સી.ડી. પ્રોજેક્ટર, ટી.વી. સ્ક્રીન દ્વારા સતત દર્શાવવામાં આવે છે. તેના આધારે કઈ પી.ટી.સી. કોલેજોમાં જગ્યા ખાલી છે તે જોઈને પસંદગીનું એક જૂથ તમે વિચારી શકો.
 ૩.૫ આ સમયે સ્થળ ઉપરના અધિકારી, કર્મચારીને પણ રૂબરૂ પૂછીને માહિતી મેળવી શકાશે.
 ૩.૬ ઉપર પ્રમાણે ખૂબ જ કાળજીપૂર્વક તમારી અનુકૂળતા પ્રમાણે તમારા પ્રવેશના સમયે ઉલબ્ધ ખાલી બેઠકોમાંથી તમોને આપવામાં આવેલ વિકલ્પ ફોર્મમાં પ્રવેશ માટેની કોલેજ પસંદ કરી લખવાની રહેશે.
 ૩.૭ તમારી પસંદગીની કોલેજમાં જગ્યાઓ ઉપલબ્ધ ન બને તો તુરત જ વિકલ્પ ફોર્મમાં કોલેજ બદલી નવેસરથી કોલેજ પસંદ કરવાની રહેશે.
 ૩.૮ પી.ટી.સી. કોલેજની યાદી સામે સંસ્થાનો પ્રવેશ કોડ જ છાપેલો છે. તે નંબર વિકલ્પ ફોર્મમાં લખવાનો રહેશે.

૪. સ્વનિર્ભર સંસ્થાઓ માટે મા. જસ્ટીસ (નિવૃત્ત) આર. જે. શાહ સમિતિ દ્વારા નક્કી કરેલ શિક્ષણ ફી રૂા.૨૦,૦૦૦/- (વીસ હજાર) પૈકી અંકે રૂા.૫૦૦૦ (પાંચ હજાર) રોકડા (Cash) લાવવાના રહેશે અને તે કેન્દ્રીય પ્રવેશ સ્થળે બેંકની શાખામાં જમા કરાવવાની રહેશે. બાકીની ફી જે તે સંસ્થામાં ભરવાની રહેશે. જે ઉમેદવાર રૂા.૫૦૦૦/- સ્થળ પરની બેંકમાં જમા કરાવશે નહીં તેનો પ્રવેશ આપો આપ રદ થશે.

૫. સરકારી તથા ગ્રાન્ટેડ સંસ્થામાં મહિલાઓ અને પુરૂષો માટે (મહિલાઓ માટે રૂા.૧૦૦/-) અને (પુરૂષો માટે અંદાજે રૂા.૫૦૦/-) જે તે સંસ્થામાં પ્રવેશ મેળવ્યા બાદ ભરવાની રહેશે. આ સંસ્થામાં પ્રવેશ મેળવ્યા બાદ સ્થળ પર કોઈ રકમ ભરવાની થતી નથી.

૬. પ્રવેશ નિયમો અને સૂચનાની પુસ્તિકામાં આપવામાં આવેલા પ્રવેશના નિયમો પી.ટી.સી. પ્રવેશ નિયમ-૧૦ અંતર્ગતની સૂચનાઓ તથા સૂચના ૧૮ અંતર્ગત વર્તણુંક અને શિસ્ત પાલનમાં નિયમો અચૂક રીતે પાળવાના રહેશે.

૭. **પ્રવેશ રદ કરાવવા બાબત**
 પી.ટી.સી. પ્રવેશ નિયમો અને સૂચનાની પુસ્તિકામાં આપવામાં આવેલ નિયમ-૧૦ અંતર્ગત સૂચના નંબર-૨૭ પ્રમાણે ઉમેદવાર પ્રવેશ રદ કરાવી શકશે અને આ સૂચનામાં આપવામાં આવેલ બાબતો તેને બંધનકર્તા રહેશે.

૮. આપેલ તારીખ અને સમય મુજબ હાજર નહીં રહેનારનો પ્રવેશ અંગેનો હક્ક રહેશે નહીં.

૯. રૂબરૂ પ્રવેશના સમય કરતાં અડધો કલાક વહેલા હાજર રહેવું.

૧૦. રૂબરૂ પ્રવેશ માટે બોલાવેલા અરજદારને પ્રવેશની કોઈ ખાત્રી આપવામાં આવતી નથી. જો ખાલી જગ્યા હશે તો જ પ્રવેશ આપવામાં આવશે.
૧૧. પ્રવેશ સમયે લાયકાત તથા જાતિ અંગેના તમામ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે જે બીજા વર્ષે પી.ટી.સી. અભ્યાસક્રમ પૂર્ણ થયે પરત મળશે.
૧૨. ઉમેદવાર જે માધ્યમમાં પ્રવેશ મેળવવા, માગતા હોય તેમણે તે જ માધ્યમમાં ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરેલો હોવો જોઈએ.

# ૯. ઓન-લાઈન પ્રવેશ અંગે વિશેષ સૂચનાઓ.

## પ્રવેશ પત્ર (Admission Letter) સંલગ્ન સૂચનાઓ

૧. પ્રવેશ સમિતિ દ્વારા સંસ્થામાં હાજર થવાની આપવામાં આવેલ છેલ્લી તારીખ સુધીમાં ઉમેદવારે ફરજિયાત હાજર થવાનું રહેશે.
૨. સંસ્થામાં હાજર થતા સમયે નિયમાનુસારની અન્ય ફી જે તે સંસ્થામાં જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે.
૩. પી.ટી.સી. પ્રવેશ નિયમ-૧૩.૨ અન્વયે સંસ્થામાં હાજર થતા સમયે ધો.૧૨ની ગુણપત્રકની અસલ, સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ અસલ અને જાતિ પ્રમાણપત્રની અસલ નકલ જમા કરાવી દેવાની રહેશે જે અભ્યાસક્રમ પૂર્ણ થયે સંસ્થામાંથી પરત મેળવી લેવાની રહેશે.
૪. (૩) (૪) મુજબના ડોક્યુમેન્ટસ સોંપવામાં નિષ્ફળ જનાર ઉમેદવારને સંસ્થા હાજર કરશે નહીં અને કેન્દ્રીય પ્રવેશ સ્થળે વસુલવામાં આવેલ ટોકન રૂા.૫૦૦૦/-ની ફી જપ્ત કરવામાં આવશે એટલે તે પરત મળી શકશે નહીં અને પ્રવેશ રદ થશે.
૫. કેન્દ્રીય પ્રવેશ સ્થળેથી પ્રવેશપત્ર મેળવ્યા બાદ સંસ્થામાં હાજર થવા ન જનાર ઉમેદવારનો પ્રવેશ રદ થશે અને રૂ.૫૦૦૦/- ફી જપ્ત થશે.
૬. કેન્દ્રીય પ્રવેશ સ્થળેથી સ્વનિર્ભર સંસ્થામાં પ્રવેશપત્ર મેળવ્યા બાદ સ્થળ પર રૂા.૫૦૦૦/- ફી નહીં જમા કરાવનારનો પ્રવેશ પણ રદ થશે.
૭. સંસ્થામાં પ્રવેશ પામેલ તાલીમાર્થીઓ પી.ટી.સી.ના અભ્યાસક્રમની સાથે અન્ય અભ્યાસક્રમ કરી શકશે નહિ અને જો તેવું માલૂમ પડશે તો તેનો પ્રવેશ રદ થવાને પાત્ર થશે.
૮. પી.ટી.સી. પ્રવેશ નિયમ-૧૨ અન્વયે પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓને સ્થળ ફેરફાર આપવાની જોગવાઈ ન હોઈ સ્થળ ફેરફારની રજૂઆત કરી શકશે નહીં.
૯. પ્રવેશ મેળવ્યા બાદ સંસ્થામાં હાજર થયા બાદ ઉમેદવારે પોતાનો પ્રવેશ રદ કરવાનો હોય તો કોલેજના આચાર્યશ્રી મારફતે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના પત્ર ક્રમાંક તાલીમ-૧-પ્રવેશ-૦૬-જ-૮૭૯-૯૦૭૮ તા.૨૮/૬/૨૦૦૬ની સૂચનાઓ પ્રમાણે નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કરી આચાર્યશ્રી મારફતે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીમાં આચાર્યશ્રીના શેરા સાથે અરજી રજૂ કરવાની રહેશે.

### વિકલાંગ ઉમેદવાર સંલગ્ન સૂચનાઓ

૧. વિકલાંગ ઉમેદવારની અધ્યાપન મંદિરના શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લેવાની તથા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની ફરજો માટે વિકલાંગતાની ઘનિષ્ટ તપાસ કરવામાં આવશે.
૨. વિકલાંગ ધારો-૧૯૯૫ના પ્રકરણ-૨ના નિયમ ૪(૧) મુજબ રાજ્ય સરકારે રચેલા મેડીકલ બોર્ડનું કાયમી વિકલાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
૩. વિકલાંગતા અંગેના પ્રમાણપત્ર પર ઉમેદવારનો ફોટો ન હોય તો ઓળખવિધિ માટે એસ.ટી. ફ્રી પાસ અથવા એચ.એસ.સી. પરીક્ષાની ફોટાવાળી રિસિપ્ટ સાથે લાવવાની રહેશે.
૪. એચ.એસ.સી. પરીક્ષાની માર્કશીટ, ધોરણ-૧૦ની માર્કશીટ, જન્મ તારીખ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ અંગેના પ્રમાણપત્ર સમાજ સુરક્ષા ખાતા તરફથી આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખકાર્ડ તેમજ અન્ય જરૂરી પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.
૫. બક્ષીપંચના ઉમેદવારોએ તા.૩૧/૩/૨૦૦૯ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષની આવકના આધારે મેળવેલ ઉન્નત વર્ગનું (ક્રિમીલીયર) પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અગાઉના વર્ષમાં મેળવેલ પ્રમાણપત્ર માન્ય રહેશે નહીં.
૬. જે કિસ્સામાં ચકાસણી સમિતિને દેખીતી રીતે જે ઉમેદવાર બિલકુલ વિકલાંગતા ધરાવતા ન હોય અથવા પ્રમાણમાં ઓછી અપંગતા હોય છતાં પણ તેઓ અપંગતા ધરાવે છે તેવા પ્રમાણપત્રો રજૂ કરે તેવા સંદિગ્ધ કિસ્સામાં ઉમેદવારને મેડીકલ બોર્ડનું પ્રમાણપત્ર રજૂ કરવા જણાવી શકે છે અને ઉમેદવારે મેડીકલ બોર્ડનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
૭. વિકલાંગતા ચકાસણી કાર્યક્રમના દિવસે શક્ય હશે તો પ્રવેશ આપવામાં આવશે અન્યથા તારીખની જાણ સ્થળ ઉપર રૂબરૂ કે પત્ર દ્વારા કરવામાં આવશે. જો તમને તે જ દિવસે પ્રવેશ આપવામાં આવશે તો ફી ભરવા અંગેની કાર્યવાહી સૂચના પત્રમાં જણાવેલ સૂચના મુજબ કરવાની રહેશે.
૮. વિકલાંગતા ચકાસણી સમક્ષ ઉપલબ્ધ બેઠકોના બમણા ઉમેદવારોને ચકાસણી માટે બોલાવવામાં આવે છે. તેથી ચકાસણી સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવાથી કે ચકાસણીમાં સફળ થવાથી પ્રવેશ મળી જશે તેમ માનવું નહીં.